સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

મહાગૌરી


Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

વર્ષ : ૪૮ અંક : ૨૫૬ જૂનાગઢ તા.૧૦-૧૦-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 256, Junagadh : Date : 10 October, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ભારતે તેનો 'રતન' ગુમાવ્યો : સમગ્ર દેશમાં શોક




૨૮ ડિસેમ્બર-૧૯૩૭ - ૧૦ ઓકટોબર-૨૦૨૪

## રતન ટાટાનાં પાર્થિવ દેહને શ્રધ્ધાંજલી આપવા સમગ્ર કોર્પોરેટ જગત સહિત દેશની ટોચની હસ્તીઓ અને હજારો લોકો ઉમટી પડયા : આજે બપોરે ૩.૩૦ કલાકે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે રતન ટાટાનાં અંતિમ સંસ્કાર કરાશે

મુંબઈ તા. ૧૦

દેશના ટોચના ઉદ્યોગપતિ અને ટાટાગ્રુપના માનદ ચેરમેન રતન ટાટાનું ગતરાત્રીનાં નિધન થતા સમગ્ર દેશ શોકમાં ડુબી ગયો છે દેશમાં એક દંતકથા જેવુ વ્યકિતત્વ અને ટાટા ગ્રુપને વૈશ્વિક ઓળખ બનાવનારા રતન ટાટા ૮૬ વર્ષના હતા અને તેઓ છેલ્લા કેટલાંક સમયથી ઉંમરના કારણે સ્વાસ્થ્ય સબંધી સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. હજુ બે દિવસ પૂર્વે જ તેઓને બીચકેન્ડી હોસ્પીટલમાં દાખલ કરાયા હતા તે સમયે તેમના સ્વાસ્થ્ય અંગે દેશભરમાં ચિંતા સર્જાતા ખુદ રતન ટાટાએ સોશ્યલ મીડીયામાં પોસ્ટ મુકીને તેઓ રૂટીન ચેકઅપ માટે દાખલ થયા હોવાનું જણાવી બહુ જલ્દી સ્વસ્થ થઈને તમારી વચ્ચે પરત આવી જશે તેવુ જણાવ્યું હતું.

પણ ગતરાત્રીનાં તેઓનું સ્વાસ્થ્ય વધુ લથડયુ હતું અને રાત્રીના ૧૧ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. રતન ટાટાના નિધનથી ટાટાગ્રુપનાં ચેરમેન એન.ચંદ્રનૈયરે સતાવાર જાહેરાત કરતા કોર્પોરેટ જગત અને પુરા ભારતમાં વિજળી વેગે આ સમાચાર ફેલાયા હતા. ભારતે તેનો 'રતન' ગુમાવ્યો તેનો અફસોસ સૌના ચહેરા પર હતા.

આજે સવારે બીચકેન્ડી હોસ્પીટલથી રતન ટાટાના પાર્થિવ દેહને મરીન ડ્રાઈવ પાસે નેશનલ સેન્ટર ફોર પર્ફોમીંગ આટર્સ ખાતે અંતિમ દર્શનાર્થે રખાયો છે અને સવારથી જ રતન ટાટાને શ્રધ્ધાંજલી આપવા માટે કોર્પોરેટ જગત સહીત તમામ ક્ષેત્રનાં મહાનુભાવોની ટાટા ગ્રુપનાં અધિકારીઓ કર્મચારીઓ અને આમ આદમીની કતાર સર્જાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશે સાચો રતન ગુમાવ્યો છે. તેવુ જણાવીને રતન ટાટાને શ્રધ્ધાંજલી આપી હતી પદ્મ વિભુષણથી સન્માનથી રતન ટાટાના અંતિમ સંસ્કાર આજે મુંબઈમાં વર્લી સ્મશાન ઘાટ ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે થશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુંબઈ પહોંચી ગયા છે અને તેઓ અંતિમ યાત્રામાં જોડાશે મહારાષ્ટ્ર સરકારે આજે એક દિવસના શોકની જાહેરાત કરી છે. તમામ સરકારી ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકશે તથા કોઈ સતાવાર કે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે નહિં જયાં ટાટા ગ્રુપે દેશનાં ઔદ્યોગિક ક્રાંતિનો પાયો નાખ્યો તે જમશેદપુરમાં પણ વાતાવરણ શોકમય છે. ઝારખંડ સરકારે પણ એક દિવસના શોકની જાહેરાત કરી છે. મુંબઈમાં રતન ટાટાનાં પાર્થિવ દેહને અંતિમ શ્રધ્ધાંજલી માટે રખાયો છે તે સમગ્ર વિસ્તારને મુંબઈ પોલીસે સીલ કરીને ભારે બંદોબસ્ત ગોઠવી દીધો છે દેશભરમાંથી કોર્પોરેટ પોલીટીકલ સામાજીક સહીતનાં ક્ષેત્રોમાંથી મહાનુભાવો સ્વ.રતન ટાટાને શ્રધ્ધાંજલી આપવા ઉમટશે બપોરે ૪ વાગ્યે તેમની અંતિમ યાત્રાનો પ્રારંભ થશે.

દેશ વિદેશમાંથી રતન ટાટાને શ્રધ્ધાંજલી આપવામાં આવી. રતન ટાટાએ જયાં અભ્યાસ કર્યો હતો તે અમેરીકાની કાર્નલ વિશ્વ વિદ્યાલયમાં પણ રતન ટાટાના નિધન પર શોક વ્યકત કર્યો હતો રતન ટાટાએ અહી ગ્રેજયુએશન કર્યું હતું અને બાદમાં તેઓએ આ વિશ્વ વિદ્યાલયને મોટુ દાન પણ આપ્યુ હતું અને ૨૦૦૬ થી ૨૦૨૨ સુધી કોર્નલ ટ્રસ્ટી પણ બન્યા હતા.

# ટાટા સામ્રાજયનાં ઉત્તરધિકારી કોણ બનશે ?

TATA

નવી દિલ્હી,તા. ૧૦: રતન ટાટા ના ઉત્તરાધિકારીને લઈને અનેક પ્રકારની ચર્ચાઓ થઈ રહી છે તેનું એક કારણ એ પણ છે કે ૮૬ વર્ષીય રતન ટાટાને કોઈ સંતાન નથી. રતન ટાટાનું સ્થાન જગ્યા લેવા માટે નોએલ ટાટા અને તેમના ત્રણ બાળકો મુખ્ય દાવેદાર માનવામાં આવી રહ્યા છે. માયા, નેવિલ અને લિયા ટાટા, દરેક ટાટા ગ્રુપમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે. ટાટા સમૂહના પૂર્વ ચેરમેન રતન ટાટા ભારતમાં બિઝનેસ અને સમાજસેવા બન્નેમાં એક મિસાલ છે. ૩૬૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે રતન ટાટાએ દાયકાઓ સુધી ગ્રૂપને વિકાસ તરફ આગળ વધાર્યું છે.

અખૂટ ધનાઢ્ય હોવા છતાં તે પોતાની સામાન્ય જીવનશૈલી અને ટાટા ટ્રસ્ટ દ્વારા ધર્માર્થ કાર્યો પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા માટે જાણીતા છે. ૮૬ વર્ષની ઉંમરે કોઈ સંતાન નહી હોવાને કારણે રતન ટાટાના ઉત્તરાધિકારી ચર્ચાનો વિષય છે. પ્રશ્ન એ ઉઠી રહ્યા છે કે ૩૮૦૦ કરોડ રૂપિયાના વિશાળ ટાટા ગ્રૂપની કમાન કોણ સંભાળશે સંભવિત ઉત્તરાધિકારીઓમાં મજબૂત દાવેદાર તરીકે નોએલ ટાટા ઉભરી આવે છે. નવલ ટાટાની બીજી પત્ની સિમોનના સંતાન નોએલ ટાટા રતન ટાટાના સાવકા ભાઈ છે. આ પારિવારિક બંધન નોએલ ટાટાને ટાટાના વારસાને મેળવવા માટે તેમને મહત્ત્વપૂર્ણ સ્થિતિમાં મૂકે છે. નોએલ ટાટાના ત્રણ સંતાન છે. તેમને ટાટાના વારસાના સંભવિત ઉત્તરાધિકારીઓ તરીકે જોવામાં આવી રહ્યા છે. આમાં માયા ટાટા, નેવિલ ટાટા અને લિયા ટાટા સામેલ છે. ૩૪ વર્ષીય માયા ટાટા ગ્રુપમાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી રહી છે. બેયઝ બિઝનેસ સ્કૂલ અને યૂનિવર્સિટી ઓફ વોરવિકમાંથી ભણેલી માયાએ ટાટા ફન્ડ અને ટાટા ડિજિટલમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. ટાટા ન્યૂ એપને લોન્ચ કરવામાં તેમનું યોગદાન મહત્ત્વપૂર્ણ હતું. આ તેમની રણનૈતિક કુશાગ્રતા અને દ્રષ્ટિકોણને દર્શાવે છે. ૩૨ વર્ષીય નેવિલ ટાટા પારિવારિક વ્યવસાયમાં ગહન રીતે સંભાળે છે. તેમના લગ્ન ટોયોટા કિર્લોસ્કર ગ્રુપ પરિવારની માનસી કિર્લોસ્કર સાથે થયાં છે. નેવિલ ટ્રેન્ટ લિમિટેડ હેઠળ પ્રમુખ હાઈપરમાર્કેટ ચેન સ્ટાર બજારના પ્રમુખ છે.

૩૯ વર્ષીય લિયા ટાટા સૌથી મોટી છે. તે ટાટા ગ્રુપના હોસ્પિટાલિટી સેકટરમાં પોતાની એક્સપર્ટીઝ ધરાવે છે. સ્પેનના IE Business Schoolમાંથી ભણેલી લિયાએ તાજ હોટેલ્સ રિસોર્ટ્સ એન્ડ પેલેસિસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તે ઈન્ડીયન હોટેલ કંપનીમાં સંચાલનનું પ્રબંધન કરે છે.

# લોથલમાં નેશનલ મેરીટાઈમ હેરીટેઝ કોમ્પ્લેક્ષ બનશે : કેબીનેટે મંજુરી આપી

નવી દિલ્હી તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આયોજિત કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લોથલ ખાતે નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (એનએમએચસી)ના વિકાસને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ થશે. એનએમએચસી પ્રોજેક્ટના વિકાસમાં આશરે ૨૨,૦૦૦ રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે, જેમાં ૧૫,૦૦૦ પ્રત્યક્ષ અને ૭,૦૦૦ પરોક્ષ રોજગારીનો સમાવેશ થાય છે. બે ફેઝમાં કોમ્પ્લેક્સનું કામ હાથ ધરાશે મંત્રીમંડળે સ્વૈચ્છિક સંસાધનો, યોગદાન મારફતે ભંડોળ ઊભું કરીને માસ્ટર પ્લાન અનુસાર પ્રથમ તબક્કા અને બીજા તબક્કા માટે સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી હતી અને ભંડોળ ઊભું કર્યા પછી તેના અમલીકરણને મંજૂરી આપી છે.

## હે.. ભગવાન : ૧૫ વર્ષની છોકરી ૧૨ વર્ષનાં છોકરાને લઈને ભાગી ગઈ !!

નવી દિલ્હી, તા.૧૦: નોઈડામાં ૧૫ વર્ષની એક છોકરીએ પરિવાર અને પોલીસને પરેશાન કરી દીધા છે. તે ત્રણ વખત ઘરેથી ભાગી ચૂકી છે. બીજી વખત તે ૧૨ વર્ષના પાડોશી છોકરા સાથે ભાગી ગઈ. પોલીસે તેને બે વખત રીકવર કરીને ઘરે પરત લાવી હતી. હવે જ્યારે પરિવાર શહેર છોડવાનો હતો, ત્યારે તે ફરી એક વાર ફરાર થઈ ગઈ. ૧૨ વર્ષનો છોકરો પણ ગુમ છે. મામલો નોઈડાના સેક્ટર ૫૮ સ્થિત બિશનપુરા ગામનો છે. સગીર છોકરી મંગળવારે સાંજે ઘરેથી ભાગી ગઈ હતી જ્યારે પરિવાર તેમની પુત્રીની ખરાબ આદતોને કારણે નોઈડા છોડીને બિહાર જવાની તૈયારી કરી રહ્યો હતો. પિતા ઓટો લેવા માટે નીકળ્યા હતા અને તે માતા અને નાની બહેનને ચકમો આપી ગાયબ થઈ ગઈ હતી. બે વખત બાળકીને રિકવર કરી ચૂકેલી પોલીસ ફરી એકવાર આ ફરારી છોકરીને શોધવામાં વ્યસ્ત છે.

## સૌરાષ્ટ્રનાં વાતાવરણમાં અચાનક પલ્ટો

રાજકોટ, તા. ૧૦

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વાતાવરણમાં ગતમોડી સાંજથી અચાનક પલ્ટો આવ્યો છે. ભારે તડકા બાદ ભારે બફારાના અનુભવ વચ્ચે રાજકોટ, ભાવનગર સહિતના શહેરમાં વરસાદના છાટા પડયા હતા. તો ગત રાત્રે ભાવનગરમાં ચાલતા રાજપથ નવરાત્રી મહોત્સવમાં ભારે પવનના કારણે લોખંડની એંગલ પડતા નાશભાગ થઈ ગઈ હતી. આ બનાવમાં બે ખેલૈયાઓને ઈજા પહોંચી છે. રાજકોટ શહેરમાં આજે સવારથી વાદળીયુ વાતાવરણ છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રનાં વિવિધ શહેરોમાં છાંટા પડયા હોવાનું જણાય છે.

# અયોધ્યામાં ભવ્ય દિપોત્સવ મનાવવા તડામાર તૈયારી : ૨૮ લાખ દિપ પ્રગટાવાશે

અયોધ્યા તા.૧૦

દીપોત્સવમાં અયોધ્યામાં ૨૮ લાખ દિવાની રોશનીથી ઝગમગી ઉઠશે.દિવાને સજાવવા અને પ્રગટાવવા માટે અવધ વિશ્વ વિદ્યાલયની સાથે સાથે ઈન્ટર કોલેજો અને એનજીઓનાં સ્વયંસેવકોને લગાવવામાં આવશે જેની સંખ્યા ૩૦ હજારથી વધુ હશે.

અવધ યુનિવર્સીટીનાં વાઈસ ચાન્સેલર પ્રો.પ્રતિમા ગોયલે જણાવ્યું હતું કે અયોધ્યામાં નાની દીપાવલીએ ૫૫ ઘાટો પર ૨૮ લાખથી વધુ દીપ પ્રગટાવાશે સ્વયંસેવકોની મદદથી આ વર્ષે પણ ગિનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાશે. રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા બાદ પહેલો દીપોત્સવ પુરી ભવ્યતાથી ઉજવાશે. આ દિવસે મંદિરનું ગર્ભગૃહ અને મુખ્ય દર્શન માર્ગોને પણ ફૂલોથી સજાવાશે. રંગોલીથી મંદિર સજાવાશે.


નવરાત્રીની હાર્દિક શુભેચ્છા....

PLASTIWOOD INDIA
SOLID PVC MODULAR FURNITURE

પ્લાસ્ટીવુડ ઈન્ડીયા
યુનિક-કોર્પોરેટ ફર્નિચરનો શો-રૂમ

● કીચન ● બેડરૂમ
● લીવીંગરૂમ ● ઓફીસ
● સ્પેશ્યલ નિડ બેઈઝ ફર્નિચર

૧૦૦% વોટર અને
ઉધઈ પ્રુફ ઈકો-ફ્રેન્ડલી

એક વખત અમારા શો-રૂમની રૂબરૂ મુલાકાત લો
સોરઠનાં શહેરોમાં ડિલરશીપ માટે સંપર્ક કરો
શ્યામ ચેમ્બરની સામે, દાતાર રોડ, જૂનાગઢ.
મો. ૯૯૦૪૬ ૭૬૦૦૭



તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને
સંક્રમણને અટકાવવા તેમજ
રોગપ્રતિકારક શકિત વધારવા માટે
ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને
સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



Since 1983
શંખ બ્રાન્ડ
મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો







સતત ૩૫ વર્ષથી આપની સેવામાં
જલારામ
ફરસાણ & ડેરીફાર્મ
દિપકભાઈ રૂપારેલીયા
૯૯૨૫૩ ૯૯૨૫૫
૯૪૨૭૭ ૪૧૪૨૪
પ્રો. મનસુખભાઈ રૂપારેલીયા
એમ. જી. રોડ, રાણાવાવ ચોક, તાલુકા શાળા સામે, જૂનાગઢ.
દશેરાના દિવસે આખો દિવસ લાઈવ ફાફળા ગાઠીયા
તથા એલાઈચી યુકત જલેબીતો ખરીજ...

દશેરાના તહેવાર નિમિત્તે ફરસાણ
તથા મીઠાઈના ભાવમાં જંગી ઘટાડો
સાથે ફરસાણ તથા મીઠાઈમાં
વિશાળ વેરાયટીઓ મળશે...
મીક્ષ મીઠાઈ – રૂા.૨૦૦
માવાની મીઠાઈ – રૂા. ૨૮૦
દૂધની મીઠાઈ – રૂા. ૩૬૦

# ખંભાળિયા નગરપાલિકાની મુલાકાતે પ્રાદેશિક પાલિકા નિયામકનું આગમન : સરપ્રાઈઝ ચેકિંગ

## ખંભાળિયા શહેર ભવિષ્યમાં મેટ્રો સિટીની જેમ વિકસી શકે છે : સલાયા પાલિકાની પણ મુલાકાત લીધી





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તથા સલાયા નગરપાલિકાની આકસ્મિક મુલાકાતે ગઈકાલે બુધવારે પ્રાદેશિક નગરપાલિકા નિયામક મહેશભાઈ જાનીનું આગમન થયું હતું. ખંભાળિયા નગરપાલિકાના દરેક વિભાગના વડા સાથે નિયામક દ્વારા ખાસ ચર્ચા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે તેમના વિભાગની કામગીરીનો રીવ્યુ પણ નિયામક દ્વારા લેવામાં આવ્યો હતો. હાલ ચાલી રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત તમામ કર્મચારીઓ સાથે તેમણે પ્રતિજ્ઞા પણ લીધી હતી. ખંભાળિયા નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં છેલ્લા ત્રણેક વર્ષ દરમિયાન થયેલા વિવિધ પ્રકારના વિકાસ કાર્યોની સ્થળ મુલાકાત નિયામક દ્વારા લેવામાં આવી હતી. જેમાં ટાઉનહોલ, ઓડિટોરિયમ, ફિલ્ટર પ્લાન્ટ, હેરિટેજ ગેઈટ, રોડ-રસ્તા, ફાયર સ્ટેશન વિગેરે સ્થળોએ તેમણે રૂબરૂ જઈને કામગીરી અંગેની સમીક્ષા કરી હતી.

**જુદા જુદા વિસ્તારોની સ્થળ મુલાકાત**

ખંભાળિયા નગરપાલિકાને રાજય સરકાર દ્વારા ખાસ કિસ્સામાં રિવરફ્રન્ટ માટે રૂપિયા ૪૦ કરોડ, ભૂગર્ભ ગટર માટે રૂપિયા ૩ર કરોડ, તથા અન્ય વિકાસ કાર્યો માટે પણ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ સાથે કેન્દ્ર તથા રાજય સરકારની મદદથી શહેરમાં પ્રવેશવાના માર્ગો ઉપરના ઓવર બ્રિજ તથા અંડર બ્રિજ, શહેરના પાદરમાં આવેલા ખામનાથ પુલ, વિગેરેના ભાવિ આયોજનને અનુલક્ષીને તેમણે સ્થળ મુલાકાત લીધી હતી. તેમની સાથે નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ, ઈજનેર એન.આર. નંદાણીયા વિગેરે પણ જોડાયા હતા. પ્રાદેશિક નિયામક દ્વારા ફાયર સ્ટેશનની મુલાકાત દરમિયાન ફાયર અધિકારી તથા કર્મચારીઓને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાજેતરના ચોમાસા દરમિયાન ખંભાળિયા પંથકમાં ભારે વરસાદના કારણે પાણી પુરવઠા વિતરણ બંધ થઈ જતા નગરપાલિકાએ કરેલી ઈમરજન્સી કામગીરી તથા ફૂલવાડી વોટર વકર્સ, ઘી નદી, ખામનાથ રિવર ફ્રન્ટ તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પણ તેમણે મુલાકાત લીધી હતી.

**મેટ્રો સીટી કેવો થઈ શકે છે ખંભાળિયાનો વિકાસ**

ખંભાળિયા નગરપાલિકાની ગઈકાલની આ મુલાકાત સંદર્ભે નિયામક મહેશભાઈ જાનીએ જણાવ્યું હતું કે ખંભાળિયા શહેર જિલ્લા કક્ષાનું મુખ્ય મથક છે. હાલ રાજ્ય સરકાર દ્વારા શહેર માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. જેના ઉપયોગ વડે ખંભાળિયા આગામી સમયમાં અમદાવાદ તેમજ સુરતની જેમ વિવિધ સવલતો વાળું શહેર બની જશે. જે માટે તેમના દ્વારા તમામ પ્રકારની મદદ કરવા પણ તેમણે વધુમાં જણાવ્યું હતું.

**મહત્વના મુદ્દે નિયામક દ્વારા ચર્ચા, માર્ગદર્શન**

શહેરના જુદા જુદા વોર્ડમાં તેમના દ્વારા સફાઈ-સ્વચ્છતા અંગે પણ સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. સાથે સાથે નગરપાલિકાની કથળી ગયેલી આર્થિક પરિસ્થિતિ સુધારવા સૂચનો કર્યા હતા તેમજ વર્તમાન સમસ્યાઓ અંગેની જાણકારી પણ મેળવી હતી. ખંભાળિયા નગરપાલિકાની નબળી આર્થિક પરિસ્થિતિ, વીજબીલ ભરવા માટે લોનની માંગણી, સફાઈ કામદારોના આંદોલનની ચીમકી, નબળી કરવેરા વસુલાત, વિગેરે મુદ્દાઓથી ચર્ચામાં આવેલી ખંભાળિયા નગરપાલિકાના સરપ્રાઈઝ ચેકિંગમાં પ્રાદેશિક નિયામકની મુલાકાત અનેક રીતે માર્ગદર્શક બની રહી હતી.

**સલાયા પાલિકાની મુલાકાત લેતા નિયામક**

આ પછી તેમણે સલાયા નગરપાલિકા કચેરી તથા બંદરની પણ મુલાકાત લીધી હતી. ત્યારે ઉલ્લેખનીય છે કે આજથી આશરે બે વર્ષ પૂર્વે પ્રદેશ નગરપાલિકા નિયામક ધીમંત વ્યાસએ પણ આવી રીતે નગરપાલિકાની મુલાકાત લીધી હતી.

# શુક્રવારે હવનાષ્ટમીનું મહત્વ

હવનાષ્ટમીનો દિવસ સિદ્ધિ પ્રાપ્તિનો છે. આસો શુદ આઠમને શુક્રવાર ૧૧ ઓકટોબરના દિવસે હવનાષ્ટમી છે. હવનાષ્ટમી એટલે કે મહાઅષ્ટમી આ દિવસે ભદ્રકાળી દેવીએ દક્ષના યજ્ઞનો વિનાશ કર્યો હતો.

**પૌરાણિક મહત્વ**

બીજી એક કથા પ્રમાણે નારદમુનિ રામ લક્ષ્મણને કહે છે કોઈપણ શુભકાર્યમાં વિજય મેળવવો હોય તો આસો નવરાત્રીનું વ્રત કરવું અને પુરાણમાં પણ વ્રતનો ઉલ્લેખ છે. નારદમુનિ રામ ચંદ્ર ભગવાનને કહે છે કે નવરાત્રીના નવ દિવસ સુધી ઉપવાસ કરવા અને માતાજીની ઉપાસના કરવી, જપ કરવા અને હવન કરવો. આમ કરવાથી જ અસુરોનો સંહાર શક્ય બનશે. આ દિવસે રામચંદ્ર ભગવાને પણ સિદ્ધિ મેળવેલી હવનાષ્ટમીના દિવસે માતાજીનું વિશેષ પૂજન કરવું જોઈએ. આ દિવસે પોતાના કુળદેવી અને જ્ઞાતિના દેવીને નૈવેદ્ય અર્પણ કરે છે જેથી આખું વર્ષ શાંતિથી પસાર થાય અને કુટુંબની માતાજી રક્ષા કરે. આ દિવસે કરેલ હવન નૈવેદ્ય માતાજીની પુજા, કરેલી, ઉપાસના, જપનું તુરંત ફળ આપનાર બને છે.

કુળદેવી કુળદેવીની ઉપાસના કરવી પણ આ દિવસે ઉત્તમ છે. આ દિવસ સિદ્ધિ માટેનો છે શ્રી રામચંદ્ર ભગવાને પણ આ નવરાત્રીનું વ્રત અનુષ્ઠાન કરી અને આઠમના દિવસે હવનાષ્ટમીના દિવસે હવન કરી માતાજીને પ્રસન્ન કરી અને રાવણને મારવા માટેની શક્તિ મેળવેલી એટલે કે આશીર્વાદ મેળવેલા આમા દિવસ અત્યંત ઉત્તમ અને પવિત્ર છે અને સિદ્ધિદાયક છે આથી આ દિવસે કરેલ કોઈ પણ કાર્ય પૂજા પૂજા જપ સિદ્ધ બને છે

- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)

# શ્રી નવદુર્ગા ગરબીમાં દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ના સદસ્યો દ્વારા કરવામાં આવતી આરતી





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

દ્વારકામાં છેલ્લા ૧૫૦ વર્ષથી ચાલતી પ્રખ્યાત હોળીચોકની શ્રી નવદુર્ગા ગરબીમાં શ્રી દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના કારોબારી સદસ્યો તથા મધ્યસ્થ સભા સદસ્યો દ્વારા આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા તથા સહમંત્રી ચેતનભાઈ પુજારી દ્વારા ૧૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે સમસ્ત જ્ઞાતિજનોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ખંભાળિયા પંથકમાં માતાજીના નામથી ઢોંગ કરતી મહિલા ઝડપાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી જુદા જુદા ધાર્મિક સ્થળોએ જઈ અને લોકો સમક્ષ પોતે માતાજી હોવાનું જણાવી અને ઢોંગ કરતી એક વ્યક્તિને લોકોએ ઝડપી લીધી છે. જાણવા મળતી વિગત મુજબ છેલ્લા કેટલાક દિવસોથી માતાજીના નામ લઈ અને ખંભાળિયા તાલુકામાં આવેલા કેટલાક ધાર્મિક સ્થળોએ જઈ, અને પોતાને પૂજનીય ગણાવતા એક મહિલા કહેતા પુરુષને સ્થાનિક રહીશોએ ઝડપી લીધો હતો. ખંભાળિયામાં આવેલા સોનલ ધામ ખાતેથી આ વ્યક્તિને સમાજના યુવાઓ વડીલોએ શંકા જતા ઝડપી લઈ અને પૂછપરછ કરતા તેના દ્વારા આ ધતિંગ કરવામાં આવતું હોવાનું જણાવ્યું હતું. અમરેલી પંથકના રહીશ એવા આ વ્યક્તિએ પોતે સ્ત્રી હોવાનું જણાવી અને તેના દ્વારા કરવામાં આવતા ધતિંગની કબુલાત પણ આપી, માફી પણ માંગી હતી. આ સાથે ખંભાળિયાના ચારણ ગઢવી સમાજના અગ્રણીઓ અને યુવાઓ દ્વારા ફરી આવું કૃત્ય કોઈ ન કરે એવી સખત કાર્યવાહી કરવામાં આવી હતી.

# ખંભાળિયામાં નવરાત્રીને અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા ખાસ બંદોબસ્ત




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં હાલ નવરાત્રીના પવિત્ર તહેવારોને સંદર્ભે પોલીસ દ્વારા વિવિધ પ્રકારે ચેકિંગ તેમજ બંદોબસ્તની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ દ્વારા પેટ્રોલિંગ સાથે મહિલા પોલીસ કર્મીને ટ્રેડિશનલ ડ્રેસ સાથે ગરબામાં બંદોબસ્ત અંગેની જવાબદારી સોંપીને નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. જેના કારણે આ દિવસોમાં કોઈપણ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી.

# ગુરૂવારે સાતમ તિથિ અને સાતમું નોરતુ માં કાલરાત્રીની પૂજા



આસો સુદ સાતમ ને ગુરૂવાર સાતમું નોરતું માતા કાલરાત્રીનું પૂજન માતાજી નવદુર્ગાની સાતમી શક્તિ એટલે કાલરાત્રી માતાજીના શરીરનો રંગ કાળો છે અંધકારમય છે. માતાના વાળ વિખરેલા છે ગળામા વીજળીની માળા પહેરેલી છે તે એકદમ ચમકે છે માતાજીના શ્વાસથી અગ્નિ ઉત્પન્ન થાય છે અને ભયંકર જવાળાઓ નીકળી રહેલી છે. વાહન ગધેડાનું છે. માતાજીના ચાર હાથમાં જમણા હાથોમાં વરદાનની મુદ્રા છે તથા આશીર્વાદ માતાજી આપે છે ડાબા હાથમાં લોઢાના કાટાળુ છે તથા ઉપલા હાથમા ખડગ છે એટલે કે કટાર છે. માતાજીનું સ્વરૂપ એકદમ ભયાનક છે. તો પણ માતાજી ભકતોને શુભફળ આપવાવાળા છે. માતાજી કાલરાત્રીની ઉપાસના કરવાથી બધી જ પ્રકારની સિધ્ધિ પ્રાપ્ત થાય છે અને બધા જ પાપો અને વિઘ્નો દૂર થાય છે. માતાજી કાલરાત્રી દુષ્ટોનો વિનાશ કરે છે. કાલરાત્રી માતાજીની ઉપાસનાથી ગ્રહબાધા દૂર થાય છે. માતાજીનું ધ્યાન પૂજા કરવી જોઈએ. કાલરાત્રી માતાજીની ઉપાસનાનો મંત્ર-મંત્ર ઓમ હીં શ્રીં કલીં દુર્ગાતી નાશિન્ય સ્વાહા નૈવેદ્યઃ માતાજીને ગોળની બનાવેલી વાનગીનું નૈવેદ્ય ધરાવાથી ગ્રહપીડા દૂર થાય છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)

# ખંભાળિયામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને સરકારી હોસ્પિટલના ઉપક્રમે વિશ્વ માનસિક આરોગ્ય સપ્તાહની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

"વિશ્વ આરોગ્ય સંસ્થા" તેમજ "વિશ્વ માનસિક સ્વાસ્થ્ય સંઘ"ના સંયુક્ત ઉપક્રમે દર વર્ષે ૧૦ ઓક્ટોબરના દિવસને વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે **"It is Time to Prioritize Mental Health in the Workplace"** ને વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની મુખ્ય થીમ તરીકે પસંદ કરવામાં આવી છે. જે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને ખંભાળિયાની જનરલ હોસ્પિટલના જિલ્લા માનસિક આરોગ્ય વિભાગના સંયુકત ઉપક્રમે ખંભાળિયામાં આવેલી જિલ્લા અદાલતના સભાખંડ ખાતે મંગળવારે મેન્ટલ હેલ્થ અવેરનેશ બાબત અંગેનો સેમિનાર યોજાયો હતો. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષ અને મુખ્ય ન્યાયાધીશ એસ.વી. વ્યાસના માર્ગદર્શનમાં જિલ્લાની તમામ અદાલતોના ન્યાયાધીશો, અધિકારીઓ, કર્મચારીઓ, વકીલોનું માનસિક આરોગ્ય તંદુરસ્ત રહે અને બધા સ્ટ્રેસ ફ્રી વાતાવરણમાં કામગીરીના સ્થળ ઉપર કાર્ય કરે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ વિષય સંદર્ભે જનરલ હોસ્પિટલના ડો. જગદીશ વારોતરિયા, ડો. વિજય પિપરોતર, સાવનભાઈ ઠકરાર, ભાવિકાબેન બોદર વિગેરેએ હાજર રહીને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આ ઉપરાંત નાલસાની માનસિક રીતે અસ્થિર અને બીમાર વ્યક્તિ અંગેની સ્કીમ તથા દિવ્યાંગ બાળકો માટેની કાનૂની સેવા અંગેની સ્કીમ અંતર્ગત જે લોકો શારીરિક, માનસિક રીતે દિવ્યાંગ છે, તેઓ સરકારની વિવિધ યોજનાનો સક્ષમ રીતે લાભ લઈ શકે તે માટે **DLSA** અને જનરલ હોસ્પિટલના સહયોગથી ડિસેબિલિટી સર્ટીફીકેટ મેળવવા માટેનો કેમ્પ શુક્રવાર તા. ૧૧ ના રોજ દ્વારકામાં સરકારી હોસ્પિટલ, તા. ૧૮ ના રોજ કલ્યાણપુર, તા. ૨૫ ના રોજ સરકારી ભાણવડ ખાતે યોજાનાર છે. જે કેમ્પનો જરૂરિયાતમંદ વ્યક્તિઓ લાભ લ્યે તેવી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# વીજતંત્રની વીજીલન્સ ટીમો દ્વારા દ્વારકા અને ઓખામાં સધન ચેકીંગ : આશરે ૧૮ લાખની વિજ ચોરી ઝડપાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

પી.જી.વી.સી.એલ.ની વીજીલન્સ ટીમ દ્વારા ગઈકાલે દ્વારકા તથા ઓખા સબ ડીવીઝનમાં આકસ્મિક વીજ ચેકીંગ હાથ ધરાયું હતું. જેમાં આશરે ૧૮ લાખ જેટલી વીજચોરી ઝડપાઈ હતી. પી.જી.વી.સી.એલ. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ વીજતંત્રની વીજીલન્સ ટીમ દ્વારા ગઈકાલે બુધવારે દ્વારકા શહેરમાં ૧૨ તેમજ ઓખામાં ૬ મળીને કુલ ૧૮ જેટલી ટુકડીઓએ સરપ્રાઈઝ વીજ ચેકીંગ હાથ ધરતા દ્વારકા સબ ડીવીઝનમાં ૧૨ લાખ તેમજ ઓખા સબ ડીવીઝનમાં ૬ લાખ મળી, આશરે ૧૮ લાખ જેટલી વીજચોરી ઝડપાઈ હતી. વીજચોરી સંદર્ભે જે-તે આસામીઓ વિરૂધ્ધ ધોરણસરની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ભાણવડ પંથકમાં વન્યજીવ સરક્ષણ અર્થે કામ કરતા યુવાનોને વન્યજીવ સંરક્ષક એવોર્ડ એનાયત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત ૨ થી ૮ ઓકટોબર દરમ્યાન વન્ય જીવોના સંરક્ષક અને સંવર્ધન અર્થે વન વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ભાણવડ તાલુકામાં મામલતદારના અધ્યક્ષ સ્થાને પુરૂષાર્થ શૈક્ષણીક સંકુલ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ભાણવડ પંથકમાં વન્ય જીવ બચાવ, સંરક્ષણ, અને સંવર્ધન અર્થે કામ કરતી સંસ્થા એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના અશોકભાઈ ભટ્ટ, રણજીત કારાવદરા અને વાનાવડના સહદેવસિંહ જાડેજાને વન વિભાગ દ્વારા મામલતદાર, ટીડીઓ અને આર.એફ.ના હસ્તે "વન્ય જીવ સંરક્ષક એવોર્ડ" એનાયત કરાયો હતો. આ તકે ઉપસ્થિત સૌ અધિકારીઓ અને કર્મચારીઓએ એનિમલ લવર્સના સભ્યો દ્વારા થઈ રહેલી વન્યજીવ બચાવની પ્રવૃત્તિમાં વધુને વધુ લોકો જોડાય તેવી અપીલ કરાઈ હતી.

# ખંભાળિયામાં શનિવારે ગણાત્રા કુટુંબના કુળદેવી માતાજીના મંદિરે હવન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયામાં શિરેશ્વર સોસાયટીમાં ગોકીબાઈ સ્કૂલ નજીક આવેલા ગણાત્રા પરિવારના કુળદેવી શ્રી બાલવી માતાજીના મંદિરે શનિવાર તારીખ ૧૨ મીના રોજ હવનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બપોરે ૧૨:૩૦ વાગ્યે બીડું હોમાયા બાદ સર્વે ગણાત્રા પરિવારજનો માટે સમૂહ પ્રસાદનું પણ આયોજન થયું છે. આ અંગેની વધુ માહિતી માટે અશોકભાઈ ગણાત્રાનો(મો.નં. ૯૧૦૬૬ ૨૯૧૨૯) ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવ્યું છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રથમ વખત સી.એ. કાઉન્સિલિંગ પ્રોગ્રામ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના વિદ્યાર્થીઓ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રથમ વખત વિના મૂલ્યે કેરિયર કાઉન્સિલિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આગામી શુક્રવાર તારીખ ૧૧ ના રોજ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે સરકારી માધ્યમિક શાળા ખાતે સી.એ.નો કેરિયર કાઉન્સિલિંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો છે. ધ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઈન્ડિયાના ઉપક્રમે પ્રથમ વખત યોજાયેલા આ વિના મૂલ્યે કેરિયર કાઉન્સિલિંગ પ્રોગ્રામમાં યોગ્ય વિદ્યાર્થીઓએ લાભ લેવા સલાયા માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ જગમાલભાઈ ભેટારીયાની એક યાદીમાં જણાવ્યું છે.

# પોકસોના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧૫,૦૦૦નો દંડ ફટકારતી દ્વારકાની સ્પે. પોકસો કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

પોકસોના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧૫,૦૦૦નો દંડ દ્વારકાની સ્પે. પોકસો કોર્ટે ફટકારી છે. આ કેસની હકીકત એવી છે કે, વિજયભાઈ રમેશભાઈ મકવાણા, રે. રાવલ ગામ, જમોડ ફળી, તા.કલ્યાણપુરવાળાએ ગત તા.૭-૧૦-૨૦૧૭ના રોજ કલાકના ૧૯/૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીની સગીર વયની પુત્રીને બદકામ કરવાના ઈરાદાથી ફરીયાદીના કાયદેસરના વાલીપણાના કબજામાંથી અપહરણ કરી લઈ જઈ પોતાની સાથે રાખી અને ભોગબનનાર સાથે અવાર-નવાર દુષ્કર્મ કરેલ અને તપાસ દરમ્યાન પકડાઈ જતા આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૨૧૨, ૧૧૪ તથા પોકસો એકટ સને ૨૦૧૨ ની કલમ ૪, ૧૨ મુજબનો ગુન્હો કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ જતા તપાસકરનાર અધિકારી એલ.ડી ઓડેદરા તથા પી.એ. દેકાવાડીયાનાઓએ ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવી ગુનાને લગત પુરાવો એકત્ર કરી નામદાર એડી. સેસન્સ કોર્ટ, દ્વારકામાં ચાર્જશીટ કરેલ અને ત્યારબાદ નામ. એડી. સેસન્સ કોર્ટ, દ્વારકાના જજ કે.જે.મોદી સમક્ષ કેસ ચાલી જતા જેમાં ભોગબનનાર, ફરીયાદી, મેડીકલ આફીસરની જુબાની તેમજ સરકાર પક્ષે મદદનીશ જીલ્લા સરકારી વકીલ અમીત એચ. વ્યાસની દલીલો ધ્યાને લઈ દ્વારકાના મે. એડી. સેસન્સ તેમજ સ્પે. જજ કે.જે. મોદીએ આરોપી વિજયભાઈ રમેશભાઈ મકવાણાને તકસીરવાન ઠરાવી આઈ.પી.સી. કલમ-૩૬૩માં ૭ વર્ષની સખત કેદની સજા અને રૂા.૫,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સખત કેદની સજા, આઈ.પી.સી, કલમ-૩૬૬માં ૭ વર્ષની સખત કેદની સજા અને રૂા.૫,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સખત કેદની સજા, આઈ.પી.સી. કલમ-૩૭૬(૨)(એન) ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂા.૫૦૦૦ દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સખત કેદની સજાનો હુકમ ફરમાવેલ છે. તેમજ ભોગબનનાર દુષ્કર્મનો ભોગ બનેલ તેથી તેના સમાજીક, આર્થીક, માનસીક પુનવર્સન માટે ભોગબનનારને વીટનેસ કમ્પનશેસન સ્કીમ હેઠળ રૂા.૪,૦૦,૦૦૦નું વળતર ચુકવવા અદાલતે હુકમ કરેલ છે.

# પ્રવર્તમાન વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મુત્સદ્દીથી ગિરનાર રોપ-વે પ્રોજેક્ટ પાર પડ્યો

## રૂા.૧૩૦ કરોડના ખર્ચે નિર્મિત થયેલ ગિરનાર રોપવેના માધ્યમથી પ્રવાસનને વેગ મળ્યો : ૨૯ લાખથી વધુ પ્રવાસીઓએ રોપ-વેની રોમાંચક સફર ખેડી

### પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વના પરિણામે ન ભૂતો ન ભવિષ્યતિ જેવો ગિરનાર રોપ -વે પ્રોજેક્ટ સાકાર થયો : મહંત શ્રી તનસુખગીરી બાપુ





ગિરનાર રોપવેના માધ્યમથી અબાલ વૃદ્ધ સૌ કોઈ માં અંબા માતાજી દર્શન સરળતાથી કરી શકે છે

જૂનાગઢ, તા.૧૦

પ્રવર્તમાન પ્રધાનમંત્રી અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મુત્સદ્દીથી એશિયાના સૌથી મોટા અને આધુનિક રોપવે પ્રોજેક્ટનું નિર્માણ શક્ય બન્યું હતું. પર્યાવરણ અને ઈજનેરી દ્રષ્ટિએ પડકાર ઘણા પડકારો આ પ્રોજેક્ટને સાકાર કરવામાં રહ્યા હતા.

તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭ની તા.૧લી મેના રોજ આ ગિરનાર રોપ વે પ્રોજેક્ટની આધારશીલા રાખી હતી અને વર્ષ ૨૦૨૦મા ૨૪ ઓક્ટોબરે વર્ચ્યુઅલી આ પ્રોજેક્ટનું લોકાર્પણ પણ કર્યું હતું.

ભવનાથ તળેટીથી ગિરનાર પર્વત પર સ્થિત અંબાજી મંદિર સુધી રૂા.૧૩૦ કરોડના ખર્ચે આ રોપ વે નિર્માણ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં ૨૯ લાખથી વધુ પ્રવાસીઓ રોપવેની રોમાંચક સફર ખેડી પણ ચૂક્યા છે. આ ગિરનાર રોપવે ૨.૩ કીમીની લંબાઈ અને ૮૫૦ મીટરની ઊંચાઈ ધરાવે છે જેની સફર ખેડતા ૯ મિનિટ જેટલો સમય લાગે છે. રોપ-વેની સફર ખરેખર દર્શનીય બની રહે છે, રોપ એના માધ્યમથી ગરવા ગિરનારની સુંદર ગીરી કંદરાવો નિહાળવા માટે એક જીવનનો એક લ્હાવો પણ બની રહે છે.

ગિરનાર રોપ વે પ્રોજેક્ટના નિર્માણના અનુસંધાને પર્યાવરણીય દ્રષ્ટિએ ઘણી રજૂઆતો મળી હતી. ત્યારે પર્યાવરણીય સમતુલા જાળવવાની સાથે વિકાસનો માર્ગ કંડારાયો હતો અને જૂનાગઢની દાયકાઓ જૂની ગિરનાર રોપ-વેની માંગ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંતોષી હતી.

ગિરનાર પર્વત ઉપર સ્થિત અંબાજી મંદિરના મહંત તનસુખગીરીબાપુ ગિરનાર રોપ વે પ્રોજેક્ટના ખાતમુહૂર્ત વખતેની પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથેની મુલાકાતોને વાગોળતા કહે છે કે, ગિરનાર રોપ વે નિર્માણ મુશ્કેલ ભર્યું હતું. જીયોગ્રાફિકલ રીતે રોપ વેના પોલ ઉભા કરવા સહિત ઘણી મુશ્કેલીઓ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વના પરિણામે ગિરનાર રોપ વે પ્રોજેક્ટ શક્ય બન્યો છે. આજે અબાલ વૃદ્ધ સૌ કોઈ માતાજીના દર્શન આ રોપવેના માધ્યમથી સરળતાથી કરી શકે છે. ઉપરાંત રોપ વે પ્રોજેક્ટના નિર્માણના કારણે પર્યટન અને રોજગારીને પણ નવો વેગ મળ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વના પરિણામે આ ન ભૂતો ન ભવિષ્યતિ જેવો આ રોપવે પ્રોજેક્ટ સાકાર થયો છે. તેમણે એક મહંત તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પણ વણથંભી વિકાસ યાત્રાના ૨૩ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે ભારત વિશ્વગુરૂ બને તથા વિકાસના પંથે સદા અગ્રેસર રહે ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું તંદુરસ્તી માટે આશીર્વાદ પણ પાઠવ્યા હતા.

કર્ણાટક રાજ્યના બેંગ્લોરથી પરિવાર સાથે આવેલા પર્યટક સુશાંત જણાવે છે કે, ગિરનાર રોપવેનો અનુભવ યાદગાર અને શાનદાર છે. અહીં સ્વચ્છતા અને ચોખ્ખાઈના ઉચ્ચ માપદંડ જોવા મળે છે. તેમણે એમ પણ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જમીન સાથે જોડાયેલા છે અને તેમના એક સાથે અનેક બાબતોને જોડીને ચાલવાના અભિગમથી વિકાસ કાર્યોને વેગ મળે છે. ઉપરાંત પ્રધાનમંત્રીના દ્રષ્ટિવંત નેતૃત્વના પરિણામે દેશ વિકાસની ગતિ ઉપર અગ્રેસર છે.

**આલેખન : રોહિત ઉસદડ**

# ગીરગઢડાના જુડવડલી ગ્રામ પંચાયતમાં અનેક ભ્રષ્ટાચાર થાતા હોવાનાં આક્ષેપો

## પંચાયત ઓફિસને મહિનામાં એક થી બે વખત જ ખોલવામાં આવે : પંચાયતમાં કમ્પ્યુટર છે, ઈન્ટરનેટ કનેક્શન છે પરંતુ ખરેખર સ્થળ ઉપર આવી કોઈ વસ્તુ નથી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૦



ગીરગઢડા તાલુકાના જુડવડલી ગ્રામ પંચાયતે અધૂરા કરેલા કામની પૂરેપૂરી ગ્રાન્ટ ઉપાડી લીધી ગામ પંચાયતે ૧,૪૨,૦૦૦ જેમાં બોરની ઊંડાઈ ૭૦ મીટર થી ઉપર અને ૧૨૦ મીટરની આજુબાજુ દર્શાવેલ છે જેમાં લગભગ ૩૯૫ ફૂટ જેવું થાય છે પરંતુ શું ખરેખર આટલા ફુટ હશે ખરો ? બોર તથા બોર મોટર, ટાંકો, પાઈપ, વાયર, બોર્ડ પેનલ વગેરેના બીલો મૂકી અને નાણાપંચની ગ્રાન્ટ ઉપાડી લીધી અને સ્થળ ઉપર ફક્ત અને ફક્ત બોર જ કરેલો છે. બેદરકાર ગ્રામ પંચાયતે જે બોરમાં કોઈ પણ જાતની સુરક્ષા વ્યવસ્થા નથી ખુલ્લો બોર કરેલો છે તેમાં કોઈ બાળક કોઈ પ્રાણી ફસાઈ જાય તો તંત્રએ ભારી જહમત ઉઠાવી પડતી હોય છે અને છેવટે જનતાને બાળક ગુમાવવાનો વારો આવતો હોય છે. મોટાભાગના કેસોમાં આ બેદરકાર સરપંચ અભણ સરપંચ જેને કશી ખબર પડતી નથી પેલી એક કહેવત છે ખાઈ જાય ખોડીને આવ્યા હરાડી માથે એવી રીતે આ સરપસને રજૂઆત કરીએ તો કોઈ પણ જાતની તેમને ખબર જ હોતી નથી. લખતા કે વાંચતા પણ આવડતું નથી અને અન્ય લોકો તેનો દુરૂપયોગ કરી અને સરકારના નાણા બારોબાર ઉપાડી જતા હોય છે. ખરેખર જુડવડલી ગામની હાલત બાંગ્લાદેશ નહિ પરંતુ તાલિબાન જેવી છે કેમકે જો તમે જાગૃત નાગરિક તરીકે અવાજ ઉઠાવો તો તમને ખોટા કેસોમાં ફસાવી દેવા તમને ધાગધમકે અપાવવી અને અંધેરી નગરીને ગંડુ રાજા એવી રીતે પંચાયત ઓફિસે પગારદાર રાખ્યા છે તો પણ પંચાયત ઓફિસને મહિનામાં એક થી બે વખત જ ખોલવામાં આવે છે. બાકી પંચાયત ઓફિસે તાળા મારેલા છે. સરપંચ પોતાની મરજી મુજબ મહિને બે મહિને આવે મંત્રી પોતાની મરજી મુજબ મહિને બે મહિને આવે અને ફોન કરીએ તો ફોન રિજેક્ટ લિસ્ટમાં નાખી દે છે અને વીસીઈ તો દેખાતા જ નથી તથા ઓનલાઈન બતાવે છે કે જો ગામ પંચાયતમાં કમ્પ્યુટર છે, ઈન્ટરનેટ કનેક્શન છે પરંતુ ખરેખર સ્થળ ઉપર આવી કોઈ વસ્તુ નથી અને આના વિશે પૂછીએ તો તમને કોઈ પણ જવાબ આપવામાં આવતો નથી તમને નોટિસો મોકલવામાં આવે છે. ખોટેખોટી ખરેખર ગામમાં કોઈ રાણી ધણી નથી.

# શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ નોર્થ ઝોન અને ઈસ્ટ ઝોનમાં હાજરી આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી




શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ ઈસ્ટ ઝોનમાં આરતીનો લ્હાવો લેતા હર્ષભાઈ સંઘવી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૦

તારીખ ૮ ઓક્ટોબર ને મંગળવારના રોજ છઠ્ઠા નોરતે રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી રાજકોટની મુલાકાતે આવ્યા હતા. આ દરમ્યાન તેમણે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં હાજરી આપી હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટ શહેરના સામાકાંઠા વિસ્તારમાં શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ ઈસ્ટ ઝોનમાં ઉપસ્થિત રહીને મા ખોડલની આરતીનો લ્હાવો લીધો હતો. શ્રી હર્ષભાઈ સંઘવીએ માતાજીની આરતી કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ ઈસ્ટ ઝોનના આયોજકોએ ગૃહ રાજ્યમંત્રીનું સ્વાગત-સન્માન કર્યું હતું. ત્યારબાદ ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવીએ રાજકોટ શહેરના નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પરસાણા ચોક ખાતે આયોજિત શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ નોર્થ ઝોનમાં હાજરી આપી હતી. જ્યાં આયોજકોએ હર્ષભાઈ સંઘવીને ખોડલધામનો ખેસ અને મા ખોડલની છબી અર્પણ કરીને સન્માનિત કર્યા હતા. ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં સુરક્ષાથી લઈને ખેલૈયાઓ માટે કરવામાં આવેલી તમામ વ્યવસ્થાની સરાહના કરી હતી.

# આજે ભારતીય ટપાલ દિવસ




ભારતમાં દર વર્ષે ૧૦મી ઓક્ટોબરે ભારતીય ટપાલ દિવસ ઉજવવામાં આવે છે. તે વિશ્વ પોસ્ટ દિવસની વિસ્તૃત ઉજવણી છે, જે દર વર્ષે ૯મી ઓક્ટોબરે મનાવવામાં આવે છે. આ દિવસ ભારત પોસ્ટની સેવાને યાદ કરે છે, જે વિશ્વમાં સૌથી વધુ વ્યાપક રીતે કાર્યરત સરકારી પોસ્ટલ સેવા છે.પિનકોડમાં પિન એટલે પોસ્ટલ ઈન્ડેક્સ નંબર. ૧૫ ઓગસ્ટ ૧૯૭૨ના રોજ કેન્દ્રીય સંચાર મંત્રાલય દ્વારા ૬-અંકને **PIN** સિસ્ટમ રજૂ કરવામાં આવી હતી. **PIN** કોડનો પ્રથમ અંક પ્રદેશને ચિહ્નિત કરે છે. બીજો અંક પેટા પ્રદેશ સૂચવે છે. ત્રીજો અંક જિલ્લાને દર્શાવે છે. છેલ્લા ત્રણ અંકો પોસ્ટ ઓફિસ દર્શાવે છે કે જેના હેઠળ ચોક્કસ સરનામું આવે છે. નિ:શંકપણે, ભારતીય ટપાલ સેવાએ ભારતમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, અને દેશમાં પ્રચલિત તમામ વૈવિધ્યસભર સંસ્કૃતિ હોવા છતાં, ભારતીય ટપાલ સેવા તેનું શ્રેષ્ઠ પ્રદર્શન આપવામાં સફળ રહી છે. લોર્ડ ડેલહાઉસીએ ૧૮૫૪માં ઈન્ડિયા પોસ્ટની સ્થાપના કરી હતી અને તે માત્ર કોમ્યુનિકેશન મંત્રાલય હેઠળ જ કાર્યરત છે. તેમાં કોઈ શંકા નથી કે ટેક્નોલોજીએ ખરેખર લોકોના જીવનને અનુકૂળ બનાવ્યું છે. ઉદાહરણ તરીકે, સ્માર્ટફોને લોકોની જીવનશૈલીને ઘણી સરળ બનાવી છે કારણ કે માત્ર સ્માર્ટફોનના કારણે જ અમે દૂર રહેતા લોકોનો સંપર્ક કરવામાં સફળ થયા છીએ.પરંતુ કેટલાક લોકોને સ્માર્ટફોન પરવડી શકે તેટલા વિશેષાધિકાર નથી અને તેમના માટે, સંદેશા મોકલવાની સૌથી સસ્તું રીત માત્ર પોસ્ટ દ્વારા જ છે. મોટાભાગના કિસ્સાઓમાં, લોકો તેમના સંદેશાઓ પહોંચાડવા અને પ્રાપ્ત કરવા માટે પોસ્ટમેન પર આધાર રાખે છે. હાલ ઘણા પ્રકારની વધારાની સેવાઓ આપે છે. લોકો પોસ્ટ ઉપર પૂરો ભરોસો રાખે છે તેમાં જ રોકાણ, વીમો, વગેરે કરાવે છે.

**- ડો.જી.આર.ગોહિલ**

# લોઢવા મુકામે સમસ્ત વાળા (આહિર) પરિવારનાં કુળદેવી શ્રી તુલજાભવાની માતાજીનાં મંદિરે હોમ હવન યોજાશે

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા. ૧૦



લોઢવા મુકામે સમસ્ત વાળા (આહિર) પરિવારનાં કુળદેવી માતાજીનાં મંદિરે આસો નવરાત્રિ નીમીતે તા.૧૧ ઓકટોબરન શુક્રવારનાં રોજ નવમાં નોરતા નીમીતે હોમહવનનું આયોજન કરેલ છે. તો વાળા (આહિર) પરિવારે ખાસ ઉપસ્થિત રહેવા એક યાદીમાં જણાવેલ છે.

# મુન્દ્રા પોર્ટની યશગાથાના ૨૫ વર્ષની સ્મૃતિમાં સ્ટેમ્પ ટીકીટ

## ભારતના સામુદ્રિક અને આર્થિક વિકાસમાં મુન્દ્રા પોર્ટના યોગદાનના ૨૫ વર્ષની ઉજવણી : મુન્દ્રા પોર્ટનું ભારતના સૌથી મોટા બંદરમાં પરિવર્તનનું પ્રતીક બનતી વિશ્વ પોસ્ટ દિવસ ઉપર બહાર પાડવામાં આવેલ સ્ટેમ્પ

અમદાવાદ, તા.૧૦







અદાણી ઉદ્યોગ સમૂહનું મુખ્ય બંદર અને ભારતનું સૌથી મોટું વ્યાપારી બંદર એવા મુંદ્રા પોર્ટને તેની કામગીરીના સિલ્વર જ્યુબિલી વર્ષના ઉપલક્ષમાં ખાસ પોસ્ટલ સ્ટેમ્પથી સન્માનિત કરવામાં આવ્યું છે. વિશ્વ પોસ્ટ દિવસ નિમિત્તે બહાર પાડવામાં આવેલ આ સ્મૃતિ સ્ટેમ્પ મુન્દ્રા પોર્ટના સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન અને છેલ્લા ૨૫ વર્ષોમાં વૈશ્વિક મેરીટાઈમ પાવરહાઉસમાં તેણે પ્રસ્થાપિત કરેલા પરિવર્તનના દબદબાને ઉજવે છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અદાણી એન્ટરપ્રાઈઝીસ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ અદાણી, અદાણી પોર્ટસ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.ના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી, ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ ગણેશ વી સાવલેશ્વરકર, પ્રાદેશિક મુખ્ય મથકના જનરલ મેનેજર ક્રિષ્ણકુમાર યાદવ અને અન્ય અધિકારીઓની હાજરીમાં સ્ટેમ્પનું વિમોચન કર્યું હતું.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સ્વપ્નદ્રષ્ટા ગૌતમ અદાણીએ એક સમયે ઉજ્જડ અને વેરાન ભાસતાં મુન્દ્રા બંદરને પોતાની આગવી કોઠા સુઝથી વિકસાવીને નિર્માણ કરવા સાથે તેને સતત વિસ્તારતા રહ્યા હોવાના કારણે મુન્દ્રા પોર્ટ આજે ઝડપથી મુખ્ય વ્યાપારી હબ અને ભારત માટે મુખ્ય પ્રવેશદ્વાર તરીકે ઉભરી આવ્યું છે. અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. દ્વારા સંચાલિત મુન્દ્રા બંદરની એક જ જેટીથી શરુ થયેલી વિકાસ યાત્રાના પરિણામર સ્વરૂપ આજે તે વૈશ્વિક શિપિંગ હબમાં વિકસિત થવા સાથે તેણે ભારતને વિશ્વ સાથે જોડવા ઉપરાંત દેશના અંતરિયાળ વિસ્તારના નોંધપાત્ર ભાગને પણ બંદરીય સેવા આપે છે.

ગુજરાત અને ભારત બંને માટે આર્થિક વિકાસનું મહત્ત્વપૂર્ણ પ્રેરક બની રહેલું મુન્દ્રા પોર્ટે ૧૯૯૮ના વર્ષથી રાજ્ય અને રાષ્ટ્રીય તિજોરીમાં રુ. ૨.૨૫ લાખ કરોડથી વધુની માતબર રકમનું યોગદાન આપ્યું છે, આ પોર્ટે અત્યાર સુધીમાં ૭.૫ કરોડથી વધુ માનવ-દિન રોજગારીનું સર્જન કરવા સાથે રૂા.૭૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ આકર્ષિત કર્યું છે. મુંદ્રા પોર્ટ હાલમાં ભારતના દરિયાઈ કાર્ગોના લગભગ ૧૧% અને દેશના કન્ટેનર ટ્રાફિકના ૩૩%નું સંચાલન કરે છે. જ્યારે સામાજિક ક્ષેત્રમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા પોર્ટની સામુદાયિક સહાયતાની કરવામાં આવેલ પહેલ ૬૧ ગામો સુધી પહોંચી છે જેનો લાભ સાડા ત્રણ લાખથી વધુ લોકોને મળ્યો છે.

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. **(APSEZ)**ના મેનેજીંગ ડિરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતુ કે, આ સ્મૃતિ ટપાલ ટીકીટ માત્ર મુન્દ્રા પોર્ટના વારસાને જ નહીં પરંતુ ગુજરાતના લોકો સાથેની વિશ્વાસની અમારી ભાગીદારી અને રાજ્ય સરકારની સહાયક પ્રોત્સાહક નીતિઓનું પણ પ્રતિનિધિત્વ કરે છે. અમે એક વિશાળ પડતર જમીનને સાથે મળીને ભારતના સૌથી મોટા બંદરમાં પરિવર્તિત કરી હોવાનો ઉલ્લેખ કરતા વૈશ્વિક વેપારમાં અગ્રેસર બનવાની ભારતની મહત્વાકાંક્ષાને સમર્થન આપીને આર્થિક વિકાસને આગળ વધારવા અને આપણા લોકો માટે નવી તકો ઊભી કરવા માટેની નમ્ર પ્રતિબદ્ધતાનો તેમણે પુનરોચ્ચાર કર્યો હતો. ઈન્ડિયા પોસ્ટ દ્વારા જારી કરાયેલ સ્મૃતિ ટપાલ ટીકીટનું શીર્ષક ૨૫ વર્ષ પ્રગતિ - મુન્દ્રા પોર્ટ છે અને તેમાં મુન્દ્રા પોર્ટના પરિવર્તનનું વિઝ્યુઅલ વર્ણન છે. ૧૨ સ્ટેમ્પને સમાવતી સ્ટેમ્પ શીટ ઈન્ડિયા પોસ્ટ દ્વારા **APSEZ**ની સાથે મળીને તૈયાર કરવામાં આવી હતી. હૈદરાબાદમાં સિક્યોરિટી પ્રિન્ટિંગ પ્રેસમાં કુલ ૬૦,૦૦૦ સ્ટેમ્પ સાથે ૫,૦૦૦ સ્ટેમ્પ શીટ્સ છાપવામાં આવી છે. આ સ્ટેમ્પ ઈન્ડિયા પોસ્ટના ઈપોર્ટલ દ્વારા ખરીદી માટે ઉપલબ્ધ રહેશે. મુંદ્રા પોર્ટ સ્મૃતિ ટીકીટ ઉપરાંત ઈન્ડિયા પોસ્ટે ખાસ કવર અને સ્ટેમ્પ રદ કરવાની પ્રક્રિયા પણ પ્રસ્તુત કરી છે. નવી દિલ્હીના નેશનલ ફિલાટેલિક મ્યુઝિયમમાં સ્ટેમ્પ શીટની નકલ પણ કાયમી ધોરણે પ્રદર્શિત કરવામાં આવશે.

# ચેક રીટર્નનાં કેસોમાં રૂા. ૨૮ લાખનો દંડ ચુકવવા તથા ૨ વર્ષની જેલની સજા ફરમાવતી કોર્ટ

જૂનાગઢ, તા.૧૦

વિસાવદરની નામદાર કોર્ટે એકજ આરોપી વિરૂધ્ધના જુદા જુદા બે ચેક રીટર્નના કેસોમાં આરોપીને બે વરસની જેલની સજા તથા કુલ રૂા. ૨૮ લાખનો દંડ ચુકવવા તેમજ જો દંડની રકમ ન ભરે તો વધારાની ૬ મહીનાની જેલની સજા ફરમાવેલ છે.

આ બંને કેસોની વિગત એવી છે કે, જૂનાગઢનાં ગાંધીગ્રામમાં રહેતા રક્ષિતભાઈ કિર્તીભાઈ ભટ્ટે વિસાવદર તાલુકાના લાલપુર ગામનાં રહીશ કમલેશભાઈ સવાભાઈ ભરાડ પાસેથી જે રૂા. ૫ લાખ હાથ ઉછીના લીધેલ તે રકમ પરત ચુકવવા રક્ષિતભાઈએ જે ચેક આપેલ તે ચેક પાસ થયા વગર રીટર્ન થયેલ તેમજ આજ રક્ષિતભાઈ ભટ્ટનાઓએ વિસાવદર તાલુકાના લાલપુર ગામના કિશોરભાઈ હરીભાઈ દવે પાસેથી જે રૂા. ૯ લાખ હાથ ઉછીના લીધેલ તે રકમ પરત ચુકવવા રક્ષિતભાઈએ જે ચેક આપેલો તે ચેક રીટર્ન થયેલ તેથી આ અંગે આ કિશોરભાઈ દવે તથા કમલેશભાઈ ભરાડએ જૂનાગઢના ધારાશાસ્ત્રી મનોજ એમ. દવે મારફત નામદાર વિસાવદર કોર્ટમાં બે ફરીયાદો રક્ષિતભાઈ ભટ્ટ વિરૂધ્ધ દાખલ કરેલ અને આ બંને ફરીયાદીની સુનવણી બાદ વિસાવદરનાં નામદાર જયુ. મેજી. સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી દ્વારા આરોપી રક્ષિત ભટ્ટને આ બંને કેસોમાં કુલ રૂા. ૨૮ લાખનો દંડ ફટકારી તથા આ બંને કેસોમાં ૨ વર્ષની જેલની સજા તેમજ દંડની રકમ આરોપી ન ભરે તો વધારાની છ માસની સજા ફટકારેલ છે.

CMYK CMYK CMYK

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# સમાનતાના સિધ્ધાંત પર તુષ્ટીકરણની નીતિ હાવી

વક્ફ સંશોધન વિધેયક પર સંયુક્ત સંસદીય સમિતિ દેશભરમાં ફરીને બધાને સાંભળી રહી છે. લગભગ દોઢ કરોડ ઈમેલ અને ૮૦ હજાર કાગળો સૂચનના નામે અત્યાર સુધી મળી ચૂક્યા છે. લઘુમતી બાબતોના મંત્રી અને સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલના અધ્યક્ષ કિરણ રિજિજુ ઓગસ્ટમાં વક્ફ કાયદામાં ૪૪ સંશોધનોનું માળખું સંસદમાં રજૂ કરે છે. લઘુમતી સમુદાયના ગરીબ અને કમજોર લોકો દ્વારા સતત સરકાર પર દબાણ બનાવવાનું પરિણામ તેને જણાવે છે. જેડીયુના સાંસદો સહિત કેટલાય અન્ય સાંસદોએ તેનું ખુલ્લું સમર્થન પણ કર્યું છે. પરંતુ વિરોધના અવાજો પણ ઓછા નથી. આ કારણે એક દિવસ માટે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી રહેલા જગદંબિકા પાલની અધ્યક્ષતામાં ૩૧ સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે. વક્ફ સાથે જોડાયેલા ઉલેમા અને રાજનીતિજ્ઞો સાથે વિચાર-વિમર્શની લોકતાંત્રિક પ્રક્રિયા ચાલી રહી છે. બંને સદનોમાં સંખ્યા બળ છતાં સરકાર સંવેદનશીલતા સાથે આ મુદ્દે આગળ વધતી દેખાય છે. આ મામલે ૧૯૫૪, ૧૯૯૫ અને ૨૦૧૩ના સંશોધન પહેલાં જો આવી ગહન લોકતાંત્રિક પ્રક્રિયા અપનાવી હોત તો આટલી વિકરાળ સ્થિતિ પેદા ન થઈ હોત.

વક્ફ વિવાદનાં કેટલાંક ઉદાહરણ જોઈએ. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાના સંજૌલીમાં બનાવવામાં આવેલ મસ્જિદનો મામલો ચર્ચામાં છે. પાંચ માળની મસ્જિદ પર વક્ફ બોર્ડે કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને કહ્યું કે ઉપરના માળ કોણ બનાવી ગયું તે અમને ખબર જ નથી! તમિલનાડુના માનેંદિયાવલી ચંદ્રશેખર સ્વામીનું મંદિર ૧૫૦૦ વર્ષોથી ૩૬૯ એકર પર પ્રસરેલું છે. ત્યાંના વક્ફ બોર્ડે આ મંદિરની સંપત્તિ પર દાવો કરી દીધો છે. તિરુપ્પુર જિલ્લાના અવિનાશી અને થોટ્ટીપલાયમમાં ૯૩ સંપત્તિઓ પર ૮ ઓગસ્ટે વક્ફ દાવો દોહરાવે છે. દેવેંદ્રાર સમુદાયના ૨૧૬ પછાત પરિવારોને ૧૯૯૬માં રાજ્ય સરકારે પટ્ટા પર સાડા છ એકર જમીન ફાળવી હતી. હવે તેમની સ્થિતિ દયનીય છે. ગુજરાત વક્ફ બોર્ડે ત્રણ વર્ષ પહેલાં બેટ દ્વારકાના બે દ્વીપો પર દાવો હાઈકોર્ટમાં કર્યો, જેને ફગાવી દેવામાં આવ્યો. સુન્ની વક્ફ બોર્ડનો તાજમહેલ પર દાવો સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવ્યો છે.

આ દરમ્યાન જેપીસીની ત્રીજી બેઠકમાં સંબંધિત અધિકારીઓએ દિલ્હીમાં વક્ફની ૨૦૦થી વધુ વિવાદિત સંપત્તિઓની વિગતો રજૂ કરી હતી. જમીન અને વિકાસ કાર્યાલય (એલએન્ડડીઓ)એ ૧૦૮ સંપત્તિઓ પર અને ડીડીએ (દિલ્હી વિકાસ પ્રાધિકરણ)એ ૧૩૮ સંપત્તિઓ પર માલિકીનો દાવો કર્યો છે. યુપીએ સરકારે પોતાના અંતિમ કાળમાં રાજધાનીની ૧૨૩ સંપત્તિઓને વક્ફ હોર્ડને હવાલે કરીને પોતાની દાનત છતી કરી દીધી હતી. તેની આડમાં અરસાથી ચાલતા જમીન કબ્જાવી લેવાના ષડયંત્રનો આ ખુલ્લો ખેલ પણ સામે છે. પૂર્વ રક્ષામંત્રી એ.કે. એન્ટની કોંગ્રેસની હાર પાછળ પાર્ટીની આ નીતિને જ જવાબદાર ગણાવે છે.

જસ્ટિસ શાશ્વત કુમાર કમિટિ ૨૦૧૧માં સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને રાજ્યોમાં કાર્યરત વક્ફ બોર્ડ સાથે જોડાયેલી સંપત્તિઓની વિગતો આપી હતી. કુલ ૧.૨૦ લાખ કરોડ રૂપિયાની વક્ફ બોર્ડની સંપત્તિથી વાર્ષિક ૧૨ હજાર કરોડ રૂપિયાની અનુમાનિત કમાણીને બદલે ૧૬૩ કરોડ રપિયાની વાત સામે આવે છે. ઈમામને સરકારી ખજાનામાંથી પગાર આપવા માટે બંધારણના અનુચ્છેદ ૨૧ને ૧૯૯૩માં સુપ્રીમ કોર્ટે અનુચ્છેદ ૨૭થી ઉફર ગણાવ્યો હતો. સંસદીય સમિતિ દેશમાં બેફામ વધી રહેલી વક્ફ બોર્ડની સંપત્તિ પર ઉઠતા સવાલોના નિવારણના પ્રયાસમાં લાગેલી છે. ભારતની આઠ લાખ એકર જમીન પર ફેલાયેલા ૮,૭૨,૨૯૨ સંપત્તિઓ પર તેની માલિકી છે. વિભાજન સમયે ૫૨ હજાર સંપત્તિ પર કબ્જો હતો. ૨૧મી શતાબ્દીના આંકડા ચોંકાવનારા છે. વક્ફ સંપત્તિઓનો ૨૦૦૯નો આંકડો ચાર લાખ એકર જમીન પર ફેલાયેલા ત્રણ લાખ સંપત્તિઓ નોંધે છે. સેના અને રેલવે બાદ ત્રીજું સૌથી મોટું જમીન માલિક વક્ફને મનાય છે.

મનમોહન સિંહ સરકાર ૨૦૧૩માં વક્ફ કાયદામાં સંશોધન પહેલાં જ પોતાની નીતિ સ્પષ્ટ કરી ચૂકી છે. મુસ્લિમો માટે દેશનાં સંસાધનો પર પહેલો અધિકાર હોવાનું તેમણે કહ્યું હતું. નેહરુના કાર્યકાળમાં જ પાકિસ્તાન જનારા મુસલમાનોની સંપત્તિ વક્ફને સોંપવા માટે ૧૯૨૩ના કાયદામાં સંશોધન કરવામાં આવ્યું. સંસદ ૧૯૫૪માં નવો કાયદો બનાવીને વક્ફની સંપત્તિમાં વૃદ્ધિની પટકથા લખે છે. તેમાંથી અનેક સંપત્તિ શત્રુ સંપત્તિ અધિનિયમ અંતર્ગત વિચારાધીન છે. ઉદારીકરણના દોરમાં તેના માટે સેક્યુલરવાદની પરિભાષા ખૂબ ઉદાર થઈ ગઈ. એ ૧૯૯૫માં થયેલ સંશોધનથી સ્પષ્ટ થાય છે. તેના સેકશન-૩માં કહેવામાં આવ્યું કે વક્ફ કોઈ સંપત્તિને પોતાની માનીને એના પર કબ્જો કરી શકે છે. સેકશન-૪૦ એવી સંપત્તિ પર દાવો નકારવા માટે અસલી માલિકને જ કઠેરામાં ઊભો કરવા સક્ષમ છે. સેકશન-૮૫ અંતર્ગત વક્ફ ટ્રિબ્યૂનલને જો જમીન માલિક સંતુષ્ટ ન કરી શકે તો સંપત્તિ વક્ફની માનવામાં આવશે. ૨૦૧૩માં કોંગ્રેસ સરકાર દ્વારા કરાયેલા સંશોધન અનુસાર વક્ફ દ્વારા કબ્જો કરવામાં આવેલી એવી સંપત્તિને ન્યાયિક સમીક્ષાથી પણ પર માની લેવામાં આવી! તેથી આ વ્યવસ્થામાં પરિવર્તન આવશ્યક છે.

# ઉનામાં રાવણ રૂપી રાક્ષસ પૂતળા દહન કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૦

ઉના તાલુકા તથા ઉના શહેરની જનતાને જણાવતા આનંદ થાય છે કે વિશ્વ હિન્દુ પરિષદ- બજરંગ દળ દ્વારા તા.૧૨-૧૦-૨૦૨૪, શનિવારના રોજ રાત્રીના ૭:૩૦ કલાકે ગત વર્ષોથી ઉજવાતી વિજયા દશમી પર્વ(દશેરા)ના ભવ્ય દિવસે હાઈસ્કૂલના મેદાનમાં આ વર્ષે પણ વિશાળ કદનો રાવણ રૂપી રાક્ષસ દહનનો કાર્યક્રમનું જોરદાર આતશબાજી સાથે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ભવ્ય આયોજનમાં સંત શિરોમણી પંચ અગ્નિ અખાડાના સભાપતિ, વંદનીય પૂજનીય સંત શ્રી મુક્તાનંદ બાપુ પધારી આર્શી વચન આપશે. સાથે ઉના તાલુકાના દિવ્ય સંતો પણ પધારી આ ભવ્ય કાર્યક્રમને દીપાવશે. આ કાર્યક્રમમાં આપ સહુ સહ પરિવાર, નાના ભૂલકાઓ, મિત્ર મંડળ સાથે ખુબ જ વિશાળ સંખ્યામાં પધારી આ સનાતન ધર્મને ઉજાગર કરવામાં આપ પણ ઉપસ્થિત રહો તેવું વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ ઉના દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. ઉના તાલુકાના દરેક ગામોમાંથી દરેક સનાતની રામભક્તો આ ભવ્ય કાર્યક્રમમાં પધારે તેવી વિંનતી સાથે હાર્દિક આમંત્રણ આપીએ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાના અધ્યક્ષસ્થાને ખંભાળિયા તાલુકાના ભીંડા ગામે રાત્રિ સભા યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

ગુજરાત સરકારના લોકાભિમુખ અભિગમ અંતર્ગત સરકારી યોજનાઓની ઘરઆંગણે લોકોને યોગ્ય સમજ આપવા અને ચર્ચા વિચારણા થકી ગ્રામીણ પ્રજાજનોના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કલેકટર જી.ટી .પંડ્યાની અધ્યક્ષતામાં ખંભાળિયા તાલુકાના ભીંડા ગામે રાત્રિ સભા યોજાઈ હતી. રાત્રિ સભા નિમિતે પ્રાસંગિક ઉદબોધન કરતા કલેકટર જી.ટી.પંડ્યાએ જણાવ્યું હતું કે, ગ્રામજનોના સચોટ પ્રશ્નો ત્વરિત નિરાકરણ લાવવાના ઉમદા આશયથી રાત્રિ સભાઓનું આયોજન કરવામાં આવે છે. રાત્રિ સભાઓનો ઉદ્દેશ્ય સરકારશ્રીની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડી અન્ય જરૂરિયાતમંદોને યોજનાકીય લાભો મેળવવા માટે પ્રેરિત કરવાનો છે. નાગરિકોના પ્રશ્નોને ત્વરિત વાંચા મળે તેમજ તેનું સ્થળ ઉપર નિરાકરણ લાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કાર્યરત છે. આ તકે સામાજિક અગ્રણી પી.એસ.જાડેજાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો દરેક નાગરિકોને પ્રાપ્ત થાય તે માટે તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. સાચો લાભાર્થી યોજનાકીય લાભોથી વંચિત ન રહે તે માટે વહીવટી તંત્ર કાર્યરત છે. રાત્રિ સભામાં ગ્રામજનો દ્વારા સૌહાર્દપૂર્ણ રીતે સામૂહિક પ્રશ્નોની રજૂઆત મહાનુભાવો તેમજ અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ગ્રામજનોના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા માટે જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા દ્વારા સંલગ્ન વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. રાત્રિ સભા અન્વયે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે વ્હાલી દીકરી યોજના, દીકરી વધામણા કીટ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમજ વિભિન્ન યોજનાઓના લાભાર્થીઓને સહાય તથા મંજૂરી હુકમો વિતરીત કરવામાં આવ્યા હતાં. તેમજ ઉપસ્થિત તમામ અધિકારી/કર્મચારીઓને વધુ ફીલ્ડ વર્ક કરી સરકારની પ્રજાભિમુખ અને કલ્યાણકારી યોજનાઓની વધુમાં વધુ અસરકારક રીતે અમલવારી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત એક ભારત શ્રેષ્ઠ ભારત તેમજ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનોએ સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ રાત્રિ સભામાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા, પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, મામલતદાર વી.કે.વરૂ, તાલુકા વિકાસ અધિકારી કે.વી.શેરઠિયા, સરપંચ નાથીબેન બોદર, અગ્રણી પી.એસ.જાડેજા સહીત જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં શ્રી સિધ્ધેશ્વર ગૃપ માતૃરક્ષા ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી





જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ચોક ખાતે સિધ્ધેશ્વર ગૃપ માતૃરક્ષા ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રાચીન ગરબીઓમાં આશરે ૧૦૦ વર્ષ જુની આ ગરબી છે અને જ્યાં ૫ થી ૧૫ વર્ષ સુધીની ૧૦૦ જેટલી બાળાઓ માતાજીની આરાધના કરે છે. આ ગરબીની શરૂઆત ગણાત્રા ભાઈએ કરી હતી. અને હાલ પ્રમુખ તરીકે રમેશભાઈ કરગઠીયા, રવિભાઈ મહેતા, દીલીપભાઈ સોલંકી, અનુભાઈ મકવાણા અને કાર્યકર્તાઓ દ્વારા પ્રાચીન પરંપરાને ઉજાગર કરતા બાળાઓના રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. બાળાઓ દ્વારા સુંદર મજાના રાસ રજુ કરવામાં આવે છે. અને મોટી સંખ્યામાં લોકો રાસ નીહાળવા ઉમટી પડે છે. આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવનું સફળ રીતે આયોજન કરવામાં આવેલ છે અને આયોજકો દ્વારા સતત જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# દ્વારકાધીશ મંદિરમાં ત્રીજા મજલે બિરાજી દસેય દિશાઓનું રક્ષણ કરતાં આધશક્તિ માતાજી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

દ્વારકા યાત્રાધામમાં જયાં ભગવાનશ્રી દ્વારકાધીશજી બિરાજમાન છે તે જગતનાં ત્રૈલોક્ય સુંદર જગત્ મંદિરના ત્રીજા મજલે આધશકિત માતાજીનું મંદિર આવેલ છે. ભારતીય મંદિર વાસ્તુકલામાં દરેક મંદિરના નિર્માણમાં શકિત સ્થાપનનું એક અનોખું મહત્ત્વ છે. તેમાં પણ ભગવાનશ્રી દ્વારકાધીશજીના મંદિરના ત્રીજા મજલે દસ દિશાઓનું રક્ષણ કરતા માં આધશકિત બિરાજમાન છે જે પોતાના સ્થાન ઉપરથી સમગ્ર દ્વારકાનું દશેય દિશાઓથી રક્ષણ કરે જ છે તેનો અનુભવ સમગ્ર દ્વારકાવાસીઓને તથા દ્વારકા પધારતા હજારો તીર્થ યાત્રિકોને અનેક આપત્તિઓ વખતે થયો છે. આ એક એવું શ્રધ્ધા સ્થાન છે જયાં દ્વારકાના સ્થાનિક લોકો તથા અનેક યાત્રિકો પોતાની ભૌતિક અને આધ્યાત્મિક બાબતોની સફળતા માટે માનતાઓ રાખે છે અને તે પૂર્ણ થયે માં શકિતના ચરણોમાં મસ્તક નમાવવા અને પોતાની માનતા પૂર્ણ કરવા આવે છે. જગત્ મંદિરના ત્રીજા મજલે માં શકિતના દર્શન સાથે મંદિરના સુંદર ગવાક્ષોમાંથી પ્રાચીન રમણીય દ્વારકાનું સુંદર અને મનોહારી દર્શન ચારેય દિશાઓમાં થાય છે. નવરાત્રિમાં માં આધશકિતનું વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવે છે.

# ઉના : પ્રોહીબીશનના ગુન્હામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૦ : ઊના તાલુકાના નેસડા ગામની સીમમાં ટ્રકમાંથી અને વાવરડા ગામની સીમના ખેતરમાં મકાનમાંથી જિલ્લા પોલીસએ ૧૭ લાખ ૮૦ હજાર ૮૦૦થી વધુ રૂપિયાનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડી પાડેલ હતો. જેનો એક આરોપી બુટલેગર સતુભાઈ કાનાભાઈ ગોહીલ રે. સનખડા તા.ઊના વાળો ફરાર થઈ ગયો હતો. જેની બાતમી ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણાને મળી હતી પોલીસે અમદાવાદ શહેર પોલીસને તમામ માહિતી આપતા જાણ કરતા અમદાવાદ શહેરની પોલીસે તુરંત પગલા લઈ આરોપી બુટલેગર સતુભાઈ કાનાભાઈ ગોહીલને રાઉન્ડ અપ કરી ઊના પોલીસને જાણ કરતા ઊના પોલીસ સ્ટેશનના સ્ટાફ અમદાવાદ જઈ આરોપીને લઈ ઊના પોલીસ સ્ટેશન ઉપર લાવી ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે.

# ઉનામાં શેરી ગરબામાં યુવાનો ફરી સંસ્કૃતિ તરફ વળ્યા



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૯

ઉનામાં ઐતિહાસિક ધરોહર સમા અર્વાચીન રાસ ગરબાની જે ઓળખ ધરાવતી ગરબી પાંજગરા શેરીમાં બે દાયકા પહેલા યુવાનો દ્વારા માતાજીની આરાધના કરવામાં આવતી સમગ્ર ઉનામાં પંથકમાં યુવાનો માટે ગરબા રમવા માટે ખુબ વિખ્યાત ગ્રાઉન્ડ હતું પરંતુ હાલ સ્થાનિક રહીશો દ્વારા સરકારી જગ્યા પર પેશકદમી કરી શોપિંગ મોલ જેવી દુકાનો ખડકી દીધેલ હોય જે પાલિકા દ્વારા અરજી દેવાય છતાં દુર કરવામાં આવતી નથી પરંતુ સ્થાનિક યુવાનો આ દબાણકારો સાથે માથાકૂટ કર્યા વગર ફરીથી પાંજગરા શેરીના યુવાનો દ્વારા માતાજીની આરાધના માટે શેરીમાં ગરબીનો પ્રારંભ કોળી સમાજની વાડીમાં કરવામાં આવ્યો ,પાંજગરા શેરી યુવક મંડળ આયોજિત ગરબી ફરી યુવાનો દ્વારા નવી શરૂવાત કરતા શેરીના બહેનો અને ભાઈઓ પણ ખુબ ઉત્સાહથી ગરબાની રમઝટ બોલાવી હતી.

# વેરાવળ સીટી પોલીસ દ્વારા નવરાત્રી દરમ્યાન વિશેષ બંદોબસ્ત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારનાઓ દ્વારા નવરાત્રીના તહેવારમાં મહીલાઓ નિર્ભયતાથી ગરબા રમી શકે તે માટે જરૂરી પોલીસ બંદોબસ્ત તકેદારી રાખવા સુચના થયેલ હોય તે અનુસંધાને વેરાવળ સીટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગોસ્વામીનાઓની સુચનાથી વેરાવળ સીટી પો.સ્ટે.ની શી-ટીમ તથા એન્ટી રોમીયો સ્કોડની અલગ અલગ ટીમો બનાવી વેરાવળ શહેરના અલગ અલગ વિસ્તારમાં યોજાતી નવરાત્રીમાં ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબા રમી રોમીયોગીરી કરતા ઈસમો ઉપર વોચ રાખવામાં આવી રહી છે.

# માણેકવાડા મુકામે ગણાત્રા પરિવારના કુળદેવતા શ્રી માલ બાપાનો હવન

જૂનાગઢ તા.૧૦

શ્રી સમસ્ત ગણાત્રા પરિવારના કુળદેવતા માલ બાપાનો હવન સવંત ૨૦૮૦ આસો સુદ ૧૧ તા.૧૩-૧૦-૨૦૨૪ ને રવિવારે સવારે ૮ વાગ્યે હવનનાં આચાર્ય આનંદભાઈ આર. પેરાણી દ્વારા હવનની વિધી શરૂ થશે. ત્યારબાદ મંદિરે ધજા ચડાવવાનો કાર્યક્રમ બપોરના બટુકભોજન, ફરાળ, દાતા દ્વારા લિકવીડ બાદ હવનની આહુતીના કાર્યક્રમ બાદ હવનનું બીડુ હોમવાનો ટાઈમ બપોરે ૨ વાગ્યે હોમાશે. ત્યારબાદ હવનનું બિડુ હોમાયા બાદ દાતાઓનું સન્માન કાર્યક્રમ સ્નેહમિલન બાદ મહાપ્રસાનો કાર્યક્રમ યોજાશે.

તો સમસ્ત ગણાત્રા પરિવારે માણેકવાડા, માલબાપાના મંદિરે પધારવા ગણાત્રા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેમ ચોકી (સોરઠ)વાળા કિશોરભાઈ ગણાત્રાની યાદી જણાવે છે.

# ઉનામાં ભૂતડા દાદા ગરબી મંડળમાં બહેનો કરે છે માં શક્તિની આરાધના





(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૦ : ઊના શહેરમાં ગાયત્રી સોસાયટીમાં છેલ્લા ૨૫થી વધુ વર્ષથી ગીર સોમનાથ જિલ્લા અને જૂનાગઢ જિલ્લાના કોળી સેનાના પ્રમુખ દિપાબેન મહેકકુમાર બાંભણિયા અને મનોજભાઈ બાંભણિયા તેમજ એ.સી. ગ્રુપ મિત્ર મંડળ દ્વારા ભૂતડા દાદા ગરબી મંડળ દ્વારા નવરાત્રીના નવ દિવસ ગરબીનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઊના શહેર અને તાલુકામાંથી બહેનો હાજરી આપી ગરબે રમી માતાજીની ભક્તિ કરે છે. આયોજકો દ્વારા પ્રથમ બહેનોનો રાઉન્ડ, પછી ભાઈઓનો રાઉન્ડ રમાડે છે. આયોજકો દ્વારા શ્રેષ્ઠ ખેલૈયાઓને વિવિધ કીમતી ઈનામો આપી પ્રોત્સાહિત કરે છે. તેમજ નવ રાત્રિના નવ દિવસ દરમ્યાન સુપ્રસિધ્ધ કલાકારોને બોલાવી લોકોને મનોરંજન આપે છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે મનુષ્ય ધાર્મિક છે તેના રાત-દિવસ સફળ થઈ જાય છે.

- ભગવાન મહાવીર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૭ સરસ્વતિ પૂજન, મહાલક્ષ્મી પૂજન, દૂર્ગા પૂજન પ્રારંભ (બંગાળ) તા.૧૦ ઓક્ટોબર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૬, પૂર્વાષાઢા નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૭, સૂ.અ.૬:૩૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ:આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.
મિથુન:ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક: અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સમસ્યા ઉકેલાઈ જાય. તમારી ઈચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા: મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક:આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.
મકર: ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ: આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન: પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

### રાજ્યભરના TRB જવાનોએ સરકાર સામે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું

# વેતનમાં વધારાની માંગ સાથે ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરતા TRB જવાનો : ટ્રાફિકજામના દૃશ્યો



ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં શિક્ષકો સહિતના સરકારી કર્મચારીઓના આંદોલનના ભયે સરકાર દ્વારા તેમની માંગણી સ્વીકારવાની જાહેરાત કરાયા બાદ હવે વધુ એક આંદોલનનો મોરચો સરકાર સામે ખૂલ્યો છે. ગુજરાતમાં ફરજ બજાવતા ટીઆરબી ટ્રાફિક જવાનો હવે હડતાળ ઉપર ઊતરી ગયા છે, વેતનમાં વધારો કરવાની માંગ સાથે જવાનો હડતાળ ઉપર ઊતરી જતા શહેરોમાં ટ્રાફિક સર્કલ ઉપર સ્ટાફના અભાવે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ છે. સમગ્ર રાજયના શહેરોના વિવિધ માર્ગો ઉપર ટ્રાફિકજામની સમસ્યા સર્જાતા લોકોને હેરાનગતિ થવા પામી હતી. ગુજરાતભરમાં ટીઆરબી જવાનો હડતાળ પર ઊતર્યા છે, આ ટીઆરબી જવાનોની માંગ પગાર વધારાની છે, હાલમાં તેઓને રૂા.૩૦૦ રોજ લેખે વેતન આપવામાં આવે છે પરંતુ તેમની માંગ છે કે, ૫૦૦ રૂપિયા વેતન આપવામાં આવે જેને લઈ તેઓ હડતાળ ઉપર ઊતરી ગયા છે. હડતાળના કારણે રાજ્યની ટ્રાફિક વ્યવસ્થા ઉપર મોટાપાયે અસર થઈ છે. શહેરની ટ્રાફિક પોલીસ આ વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે જેના કારણે ટ્રાફિક સમસ્યાનું સર્જન થયું છે. આ હડતાળમાં રાજ્યભરના ૬૦૦૦થી વધુ ટીઆરબી જવાનો હડતાળમાં જોડાયા છે, જેમાં અમદાવાદના ૧૬૦૦ જેટલા જવાનો પણ સામેલ છે. નોંધનીય વાત એ છે કે, ટીઆરબી જવાનોએ ટ્રાફિક પોઈન્ટ ઉપર ફરજ બજાવવી બંધ કરીને, હડતાળ તરીકે રાજ્યના વિવિધ સ્થળોએ ભેગા થવાનું નક્કી કર્યુ છે. હડતાળના ભાગરૂપે અમદાવાદમાં ટીઆરબી જવાનો કલેક્ટર કચેરીએ મોરચો કાઢશે અને આવેદનપત્ર પણ આપી શકે છે. એ જ રીતે રાજ્યમાં અન્યત્ર પણ મોરચો કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. મળતા અહેવાલ પ્રમાણે સમગ્ર રાજ્યભરના ટ્રાફિક વિભાગમાં કામ કરતાં ટીઆરબી જવાનો હડતાળ પર ઊતર્યા છે. ટીઆરબી જવાનો ફિક્સ પગારને લઈ છેલ્લા અનેક સમયથી પગાર વધારાની માંગ સતત કરી રહ્યા હતા. સરકારે ચૂંટણી સમયે પગાર વધારાનો વાયદો કર્યો હતો પણ તેનો અમલ કરવામાં આવ્યો નહોતો. સમગ્ર વિવાદને એક વર્ષ થવા છતાં પણ પગાર વધારો ન કરાતાં આખરે ટીઆરબી જવાનોએ હવે ઉગ્ર આંદોલનનું શસ્ત્ર ઊઠાવ્યું છે. જેને લઈને આગામી દિવસોમાં પણ જવાનો તેમનું વિરોધ પ્રદર્શન જારી રાખે તેમ જણાય છે.

### રાજ્યના વન વિભાગ દ્વારા આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ થકી ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી યોજાઈ

# દેશમાં માત્ર એકલા ગુજરાતમાં જ જોવા મળતા ઘુડખરની વસ્તીમાં વધારો, ૭૬૭૨ નોંધાયા

**છેલ્લા પાંચ વર્ષમાં ૨૬ ટકાનો વધારો; નીલગાય, ચિંકારા, કાળિયાર વગેરેની પણ ગણતરી થઈ**



ગાંધીનગર, તા.૧૦

દેશભરમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળતા ઘુડખરના રક્ષણ અને સંવર્ધન માટે કચ્છના નાના રણ સહિતના આસપાસના પ્રદેશમાં ઘુડખર અને રણની સ્થાપના કરવામાં આવેલ છે. ભૂતકાળમાં ઘુડખર ઉત્તર-પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય- એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. રાજ્યમાં હાથ ધરાયેલ ઘુડખર વસ્તી ગણતરીમાં ૭,૬૭૨ ઘુડખરની વસ્તી નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. વન મંત્રી મુળુભાઈએ આ અંગે કહ્યું હતું કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ રાજયના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજયમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જયારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં 'Equus heminious khur' અને "ખુર" તરીકે પણ ઓળખાય છે. ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨,૩૨૫ રાધનપુર અને ૨,૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે. વધુમાં આ વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨,૫૬૯ માદા ઘુડખર, ૧,૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચા અને ૨,૨૦૬ વણ ઓળખાયેલ જયારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચા તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા છે.

ઘુડખર વસ્તી ગણતરી અંદાજે WAPE- ૨૦૨૪માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૨,૭૩૪ નીલગાય, ૯૧૫ જંગલી ભૂંડ, ૨૨૨ ભારતીય સસલું, ૨૧૪ ચિંકારા તેમજ ૧૫૩ ભારતીય શિયાળ નોંધાયા છે. રાજ્યમાં ઘુડખર સાથે સંકળાયેલ અન્ય વન્ય પ્રાણીઓની વિગત ગણતરી મુજબ જોઈએ તો નીલગાય પછી બીજા ક્રમે જંગલી ભૂંડ ૯૧૫ નોંધાયા છે. તે બાદ ભારતીય સસલું ૨૨૨, ચિંકારા ૨૧૪, ભારતીય શિયાળ ૧૫૩, રણ લોંકડી ૭૦, ભારતીય લોંકડી ૪૯, કાળિયાર ૩૯ અને ભારતીય ઝરખ ૧૫ નોંધાવવા પામેલ છે. WAPE-૨૦૨૪ના આયોજનને પૂરી કરવા ગણતરીકારોને ઘુડખર તેમજ અન્ય વન્ય પ્રાણીઓની ઓળખ માટે ખાસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ ગણતરીકારોને પરંપરાગત પદ્ધિતિની સાથે જ, આધુનિક ટેકનોલોજી જેમ કે, ડ્રોન કેમેરા, કેમેરાટ્રેપ, ઈ-ગુજ ફોરેસ્ટ મોડ્યુલ જેવા સંસાધનો પણ આપવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર૨૦૦૮ની રિપોર્ટ મુજબ ઘુડખર બહુ જ ઓછા પ્રમાણમાં જોવા મળતા હોવાથી વન્યજીવ રક્ષણ અધિનિયમ હેઠળ તેને આરક્ષિત કરવામાં આવ્યા છે. IUCNના થ્રેટંડ સ્પીસીસની યાદીમાં ઘુડખરને એન્ડેજર્ડ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે.

# લાંચના આરોપો સામે ગાઝિયાબાદમાં GST ઓફિસમાં વેપારીએ અર્ધનગ્ન થઈ દેખાવો કર્યા

(એજન્સી) તા.૧૦

ઉત્તરપ્રદેશ જીએસટી વિભાગની મોહનનગર ઓફિસમાં તાજેતરમાં એક વેપારીએ હાઈવોલ્ટેજ ડ્રામા સર્જ્યો હતો. વેપારીએ વિભાગના અધિકારી ઉપર રૂા.૨ લાખનો દંડ ફટકારવાની ધમકી આપીને લાંચ માંગવાનો આરોપ લગાવ્યો હતો અને ઓફિસમાં જ કપડાં ઉતારીને હંગામો મચાવ્યો હતો. તે જ સમયે, વિભાગના અધિકારીઓનું કહેવું છે કે ઉદ્યોગપતિના વાહનની તપાસ દરમ્યાન ઈ-વે બિલની મુદત પૂરી થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. ઉદ્યોગપતિએ વિભાગીય અધિકારીઓ ઉપર દબાણ લાવવા માટે આટલું મોટું નાટક રચ્યું હતું. વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે તાજેતરમાં વિભાગની મોબાઈલ ટીમ યુનિટ નંબર સાથે મોહન નગરમાં ચેકિંગ દરમ્યાન એક વાહન રોક્યું હતું. વાહનમાં લઈ જવામાં આવતા માલસામાન સંબંધિત ઈ-વે બિલની મુદત પૂરી થઈ ગઈ હતી. આ સામાન દિલ્હી રોડ ઈન્ડસ્ટ્રીયલ એરિયા સ્થિત અરિહંત આયર્ન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીમાંથી ગાઝિયાબાદના મુકુંદ નગરમાં લઈ જવામાં આવી રહ્યો હતો. ડિલિવરી ચલનમાં ૧૦.૨૫૦ મેટ્રિક ટન બ્રાઈટ બારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, પરંતુ ચલાન સાથે કોઈ ફોર્ક સ્લિપ જોડવામાં આવી ન હતી. આવી સ્થિતિમાં માલસામાન ભરેલ વાહન મોહનનગર સ્થિત મોબાઈલ ટીમની ઓફિસમાં લાવવામાં આવ્યું હતું. બપોરે લગભગ ૩ વાગે પેઢીના માલિક અક્ષત જૈન તેમના પરિચિતો અને ગાઝિયાબાદ આયર્ન ડીલર્સ બોર્ડના પ્રમુખ અતુલ જૈન સહિત અનેક વેપારીઓ સાથે ઓફિસે પહોંચ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે તપાસ દરમ્યાન જોવા મળેલી વિસંગતતાઓ વિશે વેપારીને જાણ કરવામાં આવી હતી, પરંતુ વેપારીએ પોતાની ખામીઓને નકારી કાઢી હતી અને હંગામો મચાવવાનું શરૂ કર્યું હતું. વેપારી દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. વેપારીનો આરોપ છે કે માલ વેચાણ માટે નહીં પરંતુ એક વેરહાઉસથી બીજા વેરહાઉસમાં પરિવહન માટે મોકલવામાં આવી રહ્યો હતો. ખરેખર, આ માટે ડિલિવરી ચલણ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. તમામ દસ્તાવેજો પૂર્ણ થયા બાદ પણ રૂા.૨ લાખનો દંડ જમા કરાવવા દબાણ શરૂ કરાયું હતું. દંડનો ડર બતાવી મોબાઈલ સ્કવોડના આસિસ્ટન્ટ કમિશનરે ૧ લાખની લાંચ માંગી હતી. જેના વિરોધમાં તેઓ વેપારીઓ સાથે જીએસટી કચેરીએ પહોંચ્યા હતા. વેપારીનો આરોપ છે કે અધિકારીઓએ તેમને એમ પણ કહ્યું કે સરકાર તરફથી દર મહિને ૮૫ લાખ રૂપિયા એકઠા કરવાનો ટાર્ગેટ મળ્યો છે. જો ટાર્ગેટ પૂરો નહીં થાય તો પ્રમોશન બંધ થઈ જશે. આ હંગામો લગભગ અઢીથી ત્રણ કલાક સુધી ચાલ્યો હતો. આ દરમ્યાન વેપારીઓએ કપડાં ઉતારીને ઓફિસમાં ધરણા કર્યા હતા. સ્થળ ઉપર હાજર અન્ય લોકોએ વીડિયો બનાવવાનું શરૂ કર્યુ. આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો હતો.

### પત્રકાર પરિષદમાં ચાલુ માઈકમાં સરકારના મંત્રીઓ પક્ષની કામગીરીની ચર્ચા કરતા થયો બફાટ !

# ભાજપના સદસ્યતા અભિયાનની કામગીરીના બોજ તળે નેતાઓ દબાયા; ન બોલવાનું બોલી ગયા !

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સહિત દેશભરમાં હાલ ભાજપનું સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે. મંત્રીઓથી લઈ કાર્યકરો સુધી હાલ ભાજપ સદસ્યતા અભિયાનને લઈ વ્યસ્ત છે. આ બધાની વચ્ચે ગાંધીનગરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન જે બન્યું તે ખરેખર ચોંકાવનારૂં અને ખળભળાટ મચાવી દે તેવું હતું. આ ઘટના સોશિયલ મીડિયા ઉપર જોરશોરથી વાયરલ થતાં ચર્ચા વ્યાપક બની છે. સરકારની વિગતોની વિગતો આપવા યોજાયેલ પત્રકાર પરિષદમાં સરકારના મંત્રીઓ વાસ્તવમાં પોતાની વાતચીતમાં ભૂલી જ ગયા કે મીડિયાનું માઈક ચાલુ છે. આ દરમ્યાન તેઓ સદસ્યતા અભિયાનને લઈ વાતચીત કરતાં જોવા મળ્યા હતા. આ વાતચીત વખતે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે તો એટલા સુધી કહી દીધું કે, 'કાઢી મેલે તો, કાઢી મેલે.' સવારથી જ આ વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહેલ છે. ગાંધીનગરમાં તાજેતરમાં મળેલી કેબિનેટ બેઠક બાદ જ્યારે પત્રકારોને સંબોધિત કરવાની તૈયારીમાં હતા ત્યારે આ ઘટના બની હતી. વાસ્તવમાં પત્રકાર પરિષદ દરમ્યાન જગદીશ વિશ્વકર્મા અને પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ મંચ ઉપર બંને એક બીજા સાથે વાતચીત કરી રહ્યા હતા. આ દરમ્યાન મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે, પાર્ટી એનાલિસિસ કરતી જાય છે જ્યારે મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું 'કાઢી મેલે તો, કાઢી મેલે' વાસ્તવમાં જ્યારે આ બંને નેતાઓ વાતચીત કરતાં હતા ત્યારે તેમની પાસે મીડિયાના બૂમ માઈક પણ પડેલા હતા. એટલે આ બધી વાતો મીડિયાના પત્રકારો વગેરે સાંભળી લેતા બધી વિગતો વાયરલ થવા સાથે રાજકીય ચર્ચાઓ પણ શરૂ થઈ જતાં માહોલ ગરમાયો છે. આ બંને નેતાઓ વચ્ચે થયેલી ચર્ચા ઉપરથી જણાય છે કે ભાજપના સદસ્યતા અભિયાનની કામગીરીની વાત તેઓ કરી રહ્યા હતા. જેમાં પાર્ટી દ્વારા કન્ફર્મ ચેકિંગની સાથે કામગીરીનું એનાલિસીસ કરાઈ રહ્યાની વાતને લઈ કાઢી મેલે તો કાઢી મેલે તેવું મંત્રીએ એને વાત કરી હોવાનું જાણવા મળેલ છે. જોકે આ ઘટનાને લઈ ચર્ચા જોરશોરથી થઈ રહી છે.

# સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓની વધુ ભાગીદારી હોવી જરૂરી : રાહુલ ગાંધી



નવી દિલ્હી, તા.૯

લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, સંસદ અને વિધાનસભાઓમાં સાચી સમાનતા લાવવી હોય તો મહિલાઓની વધુમાં વધુ ભાગીદારી જરૂરી છે. તેમણે સંસદ અને ધારાગૃહોમાં મહિલાઓની નેતાગીરી વિષયની અસમાનતાનો મુદ્દો ઉઠાવી ચિંતા દર્શાવી હતી. રાજકારણમાં મહિલાઓને સમાન તકો મળે અને એમની ભાગીદારી વધે એવા હેતુંથી કોંગ્રેસના શરૂ કરાયેલા નવા અભિયાન શક્તિ અભિયાનમાં જોડાઈ જવા તમેણે મહિલાઓને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, આપણા સમાજ અને રાજનીતિમાં મહિલાઓ મહત્ત્વનું પરિબળ છે પણ સંસદ અને રાજ્યની ધારાસભાઓમાં એમની નેતાગીરી અંગે અસમાનતા છે. સાચી સમાનતા લાવવી હોય તો એમની ભાગીદારી વધે એ જોવું જોઈએ એટલે જ અમારૂં લક્ષ્યાંક આધી આબાદી, પૂરા હક માટેનું રહ્યું છે. પાયાની સંસ્થાઓને મજબૂત કરવી હોય તો મહિલાઓ જોડાય એ જરૂરી છે અને તેનાથી ખરેખરૂં પરિવર્તન આવશે. ગામડાથી માંડીને રાષ્ટ્રીય કક્ષા સુધી મહિલાઓની ભાગીદારી જરૂરી છે.

# ઉત્તરાખંડમાં બાળકોના જાતીય શોષણના કાયદાનો ઉપયોગ અંગત બદલો લેવા માટે કરવામાં આવે છે

(એજન્સી) તા.૧૦

નૈનીતાલના એક કિશોરના પાડોશીએ તેની વિરૂધ્ધ મે ૨૦૨૧માંધ્ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. રામનરેશ કશ્યપે આરોપ લગાવ્યો હતો કે ૧૮ વર્ષીય પ્રદીપસિંહ તેની પુત્રીને લઈ ગયો હતો અને તેનું યૌન શોષણ કર્યુ હતું. કશ્યપના જણાવ્યા અનુસાર, તેમની પુત્રી જયા ૩૦ એપ્રિલ, ૨૦૨૧ના રોજ એક સંબંધીના લગ્નમાં હાજરી આપવા માટે ઘરેથી નીકળી હતી. જ્યારે તેણી પરત ન આવી, ત્યારે તેને શંકા હતી કે તેણીને સિંહ દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવી હતી, જે તેણીને ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં તેના પૈતૃક ઘરે લઈ ગયો હતો. ફરિયાદની તપાસ કરતા પોલીસે દાવો કર્યો હતો કે જયાને મુરાદાબાદમાં સિંહના ઘરે મળી હતી. તેઓએ તેમની પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરી હતી. સિંહે સાત મહિના ઉત્તરાખંડની હલવાની જેલમાં વિતાવ્યા હતા. પરંતુ ટ્રાયલ દરમ્યાન આ કેસ માટે ઝડપથી નિર્દોષ સાબિત થયો હતો.

કશ્યપ અને તેની પુત્રીએ તેમના બધા જ આરોપ નકારી કાઢ્યા હતા. પિતાએ કહ્યું કે ફરિયાદ તેના ગામના લોકોએ લખી હતી. તે વાંચી શકતો ન હોવાથી તે જાણતો ન હતો કે તે શું કહે છે અને તેણે માત્ર સહી કરી હતી. બીજી તરફ જયાએ દાવો કર્યો હતો કે તેણી તેના સંબંધીના લગ્ન દરમ્યાન સિંહને મળી ન હતી અને તેની સાથે ભાગી ન હતી. પોલીસને મુરાદાબાદમાં બંને મળ્યા ન હતા કારણ કે તેઓ ક્યારેય ત્યાં ગયા ન હતા, અને સિંહે તેની સાથે જાતીય હુમલો કર્યો ન હતો.

ડિસેમ્બર ૨૦૨૩માં, સિંહને હલ્દવાની કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, મને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યો હતો કારણ કે જયાના પરિવારને અમારા આર્થિક સુખાકારી માટે અમારી ઈર્ષ્યા હતી, હું તેની (કશ્યપની) પુત્રીને ઓળખતો પણ ન હતો. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક વર્ષોમાં પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલા કેસોમાં નાટ્યાત્મક વધારો નોંધાયો છે. ૨૦૧૬ અને ૨૦૨૨ની વચ્ચે પોક્સો ક્રાઈમ રેટ લગભગ ચાર ગણો વધ્યો છે. રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કડક કાયદાના ઉપયોગથી ચિંતાઓ વધી રહી છે. રાજ્યભરના એડવોકેટ્સ અને પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમાંના મોટાભાગના કેસો ન્યાયિક ચકાસણીમાં યોગ્ય હોતા નથી. ચિંતાજનક રીતે, હિંદુ ઉગ્રવાદી જૂથોના દબાણ હેઠળ, પોલીસ કાયદાનો ઉપયોગ કરીને આંતરધર્મ સંબંધોમાં મુસ્લિમ કિશોરોને નિશાન બનાવી રહી છે. પોલીસ ઉપર આરોપ છે કે તેઓ કાયદાની કડકાઈનો ઉપયોગ કરીને અંગત મુદ્દાઓનો બદલો લે છે અને નિર્દોષોને હેરાન કરે છે. માર્ચ ૨૦૨૦માં, હલ્દવાની પોલીસે ઉત્તર પ્રદેશના બરેલીના સુથાર ૨૮ વર્ષીય તાહિર હુસૈનની ધરપકડ કરી હતી, જે હલ્દવાનીના બનભૂલપુરા પડોશમાં તેના ઘરમાં ઘૂસીને સગીર સાથે છેડતી કરવાના આરોપમાં હતી. આ એફઆઈઆર પોલીસ અધિકારીએ નોંધાવી હતી જે સગીરના કાકા હતા. હુસૈન ઉપર પોક્સો એક્ટની કલમ ૭ અને ૮નો આરોપ મૂકવામાં આવ્યો હતો, જે જાતીય હુમલાથી સંબંધિત છે. હુસૈને ૧૪ મહિના જેલમાં વિતાવ્યા હતા અને મે ૨૦૨૧માં ઉત્તરાખંડ હાઈકોર્ટ દ્વારા તેને જામીન આપવામાં આવ્યા હતા. હુસૈને કહ્યું કે તેણે ઘરમાં પ્રવેશ કર્યો ન હતો કે યુવતીને સ્પર્શ પણ કર્યો ન હતો. પરંતુ તે કામ પર જવા નીકળ્યો ત્યારે પોલીસ અધિકારીએ તેને પકડી લીધો અને માર મારવા લાગ્યો. તેણે કહ્યું કે મેં છોકરી તરફ અશ્લીલ હરકતો કરી હતી. મને હલ્દવાની જેલમાં રાખવામાં આવ્યો હતો જ્યાં હું અન્ય ઘણા લોકોને મળ્યો હતો જેમણે કહ્યું હતું કે આ પોલીસ અધિકારી દ્વારા તેઓને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે, જે નૈનીતાલ જિલ્લાના કેટલાક પોલીસ સ્ટેશનોમાં એસએચઓ (સ્ટેશન હાઉસ ઓફિસર) રહી ચૂક્યા છે. કોર્ટ પણ આ જ નિષ્કર્ષ ઉપર આવી હતી. સગીરના ઘરની બહાર સીસીટીવી કેમેરામાં આ આરોપ સાબિત થયો ન હતો. પોક્સોના ન્યાયાધીશ નંદનસિંહે ફૂટેજનો અભ્યાસ કર્યો અને નોંધ્યું કે હુસૈનની ઘટનાઓનું સંસ્કરણ સાચું હતું. ઓગસ્ટ ૨૦૨૩માં તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. ન્યાયાધીશ સિંહે નોંધ્યું કે કેવી રીતે પોલીસ અધિકારીઓએ હુસૈનને ફસાવવા માટે ખોટી તપાસ ઊભી કરી હતી. આ કાર્યવાહીની વાર્તા પોલીસ વિભાગ દ્વારા તેના કર્મચારીને ગેરકાયદેસર સહાયતા હોવાનું જણાય છે. તપાસકર્તા પાસેથી આવી વસ્તુની અપેક્ષા રાખી શકાય નહીં. તપાસકર્તા દ્વારા સીસીટીવી ફૂટેજ જોયા ત્યારે પણ આરોપીઓ સામે ખોટી ચાર્જશીટ રજુ કરવામાં આવી છે. એવું પણ લાગે છે કે તપાસકર્તાએ કાયદેસર રીતે તેની ફરજો નિભાવી નથી.

# શિક્ષણ બોર્ડ વહેલી પરીક્ષા યોજશે, પરંતુ કાર્યક્રમ જાહેર કરવામાં વિલંબ

### ગત વર્ષે માર્ચમાં પરીક્ષા હતી તો પણ ૧૩ ઓક્ટોબરના રોજ કાર્યક્રમ જાહેર કરી દેવાયો હતો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા ફેબ્રુઆરી માસમાં જ શરૂ કરવાનું આયોજન કરાયું છે. પરંતુ હજુ સુધી પરીક્ષાને લઈને કાર્યક્રમ જાહેર કરાયો ન હોવાનું સામે આવ્યું છે. માર્ચ ૨૦૨૪ની બોર્ડની પરીક્ષા ૧૧ માર્ચથી લેવામાં આવી હતી, પરંતુ તે અંગેનો કાર્યક્રમ ૧૩ ઓક્ટોબરના રોજ જાહેર કરી દેવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું હતું. જે અનુસાર આગામી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ૧૩ માર્ચ, ૨૦૨૫ દરમ્યાન લેવામાં આવનાર હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. બોર્ડ દ્વારા અત્યાર સુધી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચ માસમાં લેવામાં આવતી હતી, પરંતુ આ વખતે પ્રથમવાર વહેલી પરીક્ષાનું આયોજન કરી ફેબ્રુઆરી માસમાં જ પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ હતી. દરમ્યાન હજુ સુધી શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર કરાયો ન હોવાથી વિદ્યાર્થીઓ મુંઝવણમાં મૂકાયા છે. માર્ચ ૨૦૨૪માં લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૧ માર્ચથી ૨૬ માર્ચ દરમ્યાન યોજવામાં આવી હતી. જો કે, આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયારીનો પૂરતો સમય મળી રહે તે માટે ૧૩ ઓક્ટોબરના રોજ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો હતો. પરંતુ આગામી પરીક્ષા વહેલી યોજવામાં આવનાર હોવાથી પરીક્ષાનો કાર્યક્રમ પણ વહેલો જાહેર કરવામાં આવવો જોઈએ, તેના બદલે હજુ સુધી કાર્યક્રમ જ જાહેર કરાયો ન હોવાનું જાણવા મળે છે. બીજી બાજુ, ગત પરીક્ષા માટે ૨૬ ઓક્ટોબરથી વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. પરંતુ ચાલુ વર્ષે હજુ કાર્યક્રમ જાહેર કરાયો ન હોય તેવી સાથે ફોર્મ ભરવાની કાર્યવાહી માટે પણ કોઈ સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.

દેશ બદલ રહા હૈ..

# સોમનાથ ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થે આવતા યાત્રિકોની સુવિધાઓમાં ઉમેરો કરાયો

## સોમનાથ અતિથી ગૃહોમાં અદ્યતન પ્રતિક્ષાલયો અને બેબી ફીડીંગ રૂમની ખાસ વ્યવસ્થા





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે પ્રતિ વર્ષ એક કરોડથી પણ વધુ યાત્રિકો આવતા રહે છે. ટ્રેન અને બસમાં આવતા યાત્રિકો વહેલી સવારે ચાર વાગ્યાથી આઠ વાગ્યા સુધીમાં સોમનાથ પહોંચે તે રીતના બસ અને ટ્રેનના સમય હોય છે. આવતા યાત્રિકો સહપરિવાર હોય અને ચેકઆઉટ સમય સવારે ૧૦, કોઈનો ૧૧ હોય છે ત્યારે સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈના માર્ગદર્શન મુજબ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ યાત્રિકોને હાલાકી ન પડે અને વેઈટીંગ પિરીયડમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરી 'મહેમાં.. જો હમારા હોતા હૈ, વો જાન સે પ્યારા હોતા હૈ..' ના સુત્રને સાર્થક કરેલ છે અને કદાચ ગુજરાતના કોઈ તિર્થમાં ન જોગવાઈ હોય તેવી સુવિધાઓ ઉભી કરી છે.

સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગમાં ખાસ બેબી ફીડીંગ રૂમ કક્ષ બનાવાયેલ છે. જેમાં માતાઓ સંતાનને સ્તનપાન પ્રાઈવસી સાથે કરાવી શકે. જેના ઉપર લખાયેલ છે કે 'આપનું બાળક આથી સારી નિંદર માણે' **'Make Your baby gets good sleep.'**

આવી જ રીતે લીલાવંતી અતિથીગૃહ અને માહેશ્વરી અતિથીગૃહમાં લેડીઝ-જેન્ટ્સ માટે અલગ-અલગ પ્રતિક્ષાલય રાખવામાં આવ્યા છે જે અદ્યતન ડનલોપીલો બેડ અને ખુરશીઓ સુવિધા સાથે એક કરટેઈન રખાયેલ છે જેની પાછળ માતા પોતાના સંતાનોને સ્તનપાન કરાવી શકે છે અને તે પણ લેડીઝ પ્રતિક્ષાલયમાં રખાયેલ છે .

રૂમ બુકીંગ પ્રતિક્ષાલય એટલી સુવિધાથી સજ્જ છે કે જાણે રૂમ મળ્યો છે તેવી અનુભુતિ થાય. સોમનાથ ટ્રસ્ટની બુકીંગ કચેરી કે જયાંથી લીલાવંતી, માહેશ્વરી, સાગર દર્શન અતિથીગૃહોનું બુકીંગ કરાય છે તેનો હોલ તો આખે આખો એ.સી. છે. ભવિષ્યમાં અન્ય પ્રતિક્ષાલયોમાં એ.સી. નખાવા શકયતા છે .

સાગર દર્શન અતિથીગૃહ પણ વેઈટીંગ યાત્રિકો માટે ખાસ સોફાસેટથી સજ્જ પ્રતિક્ષાલય છે. સોમનાથ ટ્રસ્ટ હસ્તકના અતિથીગૃહોમાં રૂમોની સંખ્યા જોઈએ તો સાગર દર્શનમાં ૭૦, માહેશ્વરી-૧૩૪, લીલાવંતી-૭૩, એ.સી. ડોરમેટરી -૧૭૮, નોન-એ.સી. ડોરમેટરી ૩૨૦ રૂમ છે.

આમ રૂ.૯૦ થી ૨૫૦૦ સુધીના અતિથીગૃહ યાત્રિકો માટે સુલભતા છે. નોનએસી ડોરમેટરીમાં પ્રત્યેક બેડના રૂ.૯૦ હોય છે. જયારે એસી ડોરમેટરીમાં પ્રત્યેક કેબીનમાં ચાર બેડ હોય છે અને એક બેડના રૂ.૨૦૦ હોય છે. ટ્રસ્ટની પોતાની યાત્રિ વિશ્રામ બુકીંગ માટે અધિકૃત વેબસાઈટ પણ છે.

# સોમનાથ-પ્રભાસ પાટણમાં કુમારિકાઓ ઘેર-ઘેર ગરબા ગવા જવાની પરંપરા જળવાયેલી છે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

નવરાત્રી એટલે માની આરાધના અને ઉપાસનાનું પર્વ. આ પર્વમાં શાસ્ત્રોકત રીતે કુમારિકાઓના પૂજા-સન્માન ખુબજ મહત્વ રહેલ હોય છે. સોમનાથ-પ્રભાસ પાટણમાં નાની-નાની કુમારિકાઓ બે-પાંચ કે દશના સમુહમાં માથે ઈંઢોણી રાખી તેના ઉપર દિપ, જયોત સાથેના ગરબા સાથે નવરાત્રીના દિવસોમાં ઘેર-ઘેર, શેરીમાં કે દુકાને-દુકાને ફરે છે અને માતાજીના સરળ ગરબા તે સ્થળે ગાઈ માની ભક્તિ કરવાની આ પ્રાચીન પરંપરા હજુયે



પ્રભાસમાં ચાલુ રહેલ છે . નવરાત્રી સમાપન દિવસે આ કુમારિકાઅ જયાં-જયાં ગયેલ હોય ત્યાં જાય ત્યારે તેને રોકડ કે ફળ સ્વરૂપે લોક ભેટ ધરી કુમારિકાના સ્વરૂપે ઘરે જાણે સાક્ષાત માતાજીની પધરામણી થઈ હોય તેવી અનુભુતિ સાથે રોકડ રકમ આપતા હોય છે. કુમારિકા સાથે કોઈ-કોઈવાર તેનો નાનો ભાઈ પણ હોય છે જે મળતી રકમ થેલીમાં ભેગી કરે છે. ભાવિકો દ્વારા મળતી રકમ તો સાવ નાની હોય છે પરંતુ કુમારિકાઓ આ રીતે પર્વમય બની ધન્યતા અનુભવે છે.

# મહારાષ્ટ્રના કિલ્લાઓ - ભવ્ય ભૂતકાળના વારસાનું અન્વેષણ કરો

## શું તમે મહારાષ્ટ્રના મેજેસ્ટીક આર્કિટેક્ચર અને કિલ્લાઓની અવિશ્વસનીય સુંદરતાના સાક્ષી બનવા તૈયાર છો?

મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્ર એક સમૃદ્ધ ઈતિહાસ અને સંસ્કૃતિમાં પથરાયેલું રાજ્ય, ૩૫૦ થી વધુ કિલ્લાઓની પ્રભાવશાળી શ્રેણી ધરાવે છે, દરેક તેની પોતાની અનન્ય વાર્તા કહેવા માટે છે. સ્વપ્રદ્રષ્ટા છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના મરાઠા સામ્રાજ્ય દ્વારા નિર્મિત આ સ્થાપત્ય અજાયબીઓ રાજ્યના ભવ્ય ભૂતકાળનો પુરાવો છે. ભલે તમે ઈતિહાસના જાણકાર હો, સાહસ શોધતા હોવ અથવા મહારાષ્ટ્રના વારસાની એક ઝલક શોધી રહ્યા હોવ તો આ પ્રતિષ્ઠિત કિલ્લાઓ મુલાકાત લેવાનું આવશ્યક સ્થળ છે.

**ભવિષ્યમાં ભૂતકાળનો અનુભવ કરો**

● સિંધુદુર્ગ કિલ્લો: આ ૧૭મી સદીનો કિલ્લો, છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા બનાવવામાં આવ્યો હતો, જે મરાઠા બહાદુરીના પ્રતીક તરીકે ઊંચો છે. સુપ્રસિદ્ધ રાજાને સમર્પિત એકમાત્ર મંદિરનું અન્વેષણ કરો અને મરાઠા સામ્રાજ્યના નૌકાદળના રહસ્યો ખોલો.

● મુરૂદ જંજીરા : મુંબઈથી ૧૬૫ કિમી દક્ષિણે આવેલો આ પ્રચંડ દરિયાઈ કિલ્લો ૧૯ ગોળાકાર બુરજો, તોપો અને કલાલબંગડી, ચાવરી અને લંડા કાસમ નામની ત્રણ વિશાળ તોપો દર્શાવે છે.

● વિજયદુર્ગ કિલ્લોઃ 'પૂર્વીય જિબ્રાલ્ટર' તરીકે ઓળખાતો, આ અભેદ્ય કિલ્લો છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા વ્યક્તિગત રીતે જીતવામાં આવ્યો હતો જે તેને મરાઠા ઈતિહાસનો એક મહત્વપૂર્ણ ભાગ બનાવે છે.

**શાંત અને સુખદાયક કુદરતી સૌંદર્યનો અનુભવ કરો**

● શિવનેરી કિલ્લો : છત્રપતિ શિવાજી મહારાજનું જન્મસ્થળ, આ કિલ્લાના અનોખા એરોહેડના આકાર અને અદભૂત દશ્યો તેને ફોટોગ્રાફરનું સ્વર્ગ બનાવે છે.

● સિંહગઢ કિલ્લો : 'લાયન ફોર્ટ' તરીકે પણ ઓળખાય છે, આ ભવ્ય માળખું દરિયાની સપાટીથી ૧૩૧૬ મીટરની ઊંચાઈ પર છે, જે આસપાસના લેન્ડસ્કેપના આકર્ષક દશ્યો પ્રદાન કરે છે.

● પ્રતાપગઢ કિલ્લો : ૧૬૫૬-૫૮માં બંધાયેલ આ પહાડી કિલ્લાની કિલ્લેબંધીની ડબલ લાઈન અને વિવિધ દિવાલની ઊંચાઈઓ તેને એન્જિનિયરિંગ અજાયબી બનાવે છે.

**જો તમે એડવેન્ચર ફ્રેડ છો, તો આ તમારા માટે છે !**

● લોહાગઢ કિલ્લો : મહારાષ્ટ્રના સૌથી જૂના કિલ્લાઓમાંનો એક, લોહાગઢ કારલા અને ભાજા ગુફાઓના શાનદાર નજારાઓ આપે છે, ખાસ કરીને ચોમાસાની ઋતુમાં તેને ટ્રેકરનો આનંદ આપે છે. તો તમે શેની રાહ જોઈ રહ્યા છો ? તમારી બેગ પેક કરો, તમારા ટ્રેકિંગના પગરખાં બાંધો અને મહારાષ્ટ્રના ભવ્ય કિલ્લાઓનું અન્વેષણ કરવા નીકળી પડો, જ્યાં ઈતિહાસ જીવંત બને છે અને દરેક ખૂણે સાહસ પ્રતીક્ષા કરે છે.

કેશોદ ખાતેની સર્વોદય હાઈસ્કૂલના

# વિદ્યાર્થીઓ દેશના વિકાસ અને કલ્યાણ માટે અવિરત પ્રયાસરત રહેવા થયા સંકલ્પબદ્ધ



જૂનાગઢ તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત રાજ્યની ૨૩ વર્ષની વણથંભી વિકાસ યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના અંતર્ગત આજે કેશોદ ખાતેની સર્વોદય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. વિદ્યાર્થીઓએ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા અને દેશના વિકાસ અને કલ્યાણ માટે તન, મન અને ધનથી અવિરત પ્રયાસરત રહેવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

# આર. કે. મ્યુઝિકલનાં ૨૦ સીંગર્સનું સન્માન



જૂનાગઢ, તા.૧૦ :૯૧.૨ એફ. એમ. દ્વારા રજનીકાંત ભટ્ટ(અન્ના) સંચાલિત 'આર. કે. મ્યુઝિકલ'નાં ૨૦ સિંગર્સનું સર્ટીફીકેટ સાથે સન્માન કરવામાં આવ્યું, આ બધા સિંગર્સનાં ૧૦૦થી વધારે ગીતો ઓન એર થઈ આખા વર્લ્ડમાં પ્રસારીત થશે.

# સહકારથી સમૃદ્ધિના માર્ગને પ્રશસ્ત કરવા કેન્દ્ર-રાજ્ય સરકારની નવીન પહેલ

## પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને પ્રોત્સાહન આપવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવાતા પગલાં : સહકારી મંડળીઓનું થતું આધુનિકીકરણ : મંડળીઓને જંત્રીના ૧૦ ટકા દરે જમીન ફાળવાશે

જૂનાગઢ તા.૧૦

સહકારથી સમૃદ્ધિના માર્ગને પ્રશસ્ત કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિશેષ પહેલ કરવામાં આવી છે. આ માટે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં ખાસ કરીને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મળી રહે તે માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં કાર્યરત પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ બહુવિધ કામગીરી કરી શકે તે હતુથી મોડેલ બાયલોજ અપનાવવામાં આવ્યા છે. પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને એક કોમન સોફટવેરથી જોડવામાં આવી રહી છે. ઉપરાંત પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને પોતાના કાર્ય વિસ્તારમાં જંત્રીના ૧૦ ટકા દરે જમીન આપવા માટેનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. જિલ્લાની તમામ પ્રકારની સહકારી મંડળીઓ ઈ-કોપરેટીવ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. આમ, મંડળીઓનું આધુનિકરણ પણ કરવામાં આવી રહ્યું છે. વિશ્વના સૌથી મોટા અનાજ સંગ્રહ યોજના અન્વયે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનો વાર્ષિક ૫ લાખથી વધુ હોય અને જમીન ધરાવતી હોય તેવી મંડળીઓ ગોડાઉન બનાવવા માટે પણ સહાય આપવામાં આવશે.

એમએસપીના ખરીદ સેન્ટર સરકારી મંડળી લેવલે ફાળવવા માટે દરેક મંડળીએ હજીહ્ક તથા નાફેડ પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા માટે પણ અપીલ કરવામાં આવે છે. ઉપરાંત નવી મલ્ટી સ્ટેટ કો ઓપરેટિવ સોસાયટી ભારત બીજ સહકારી સમિતિ લિ., નેશનલ કો ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિ. અને નેશનલ કો ઓપરેટીવ એક્સપોર્ટ લિ. ના સભાસદ બનવા માટે દરેક સહકારી મંડળીને પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને મજબૂત બનાવવા માટે એલપીજી અને પેટ્રોલ ડીઝલના વિતરણ માટે આઉટલેટ બનાવવા પ્રાથમિકતા આપવાનું પણ ઠરાવવામાં આવ્યું છે. ઉપરાંત જે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર ચાલુ કરવા ઈચ્છતા હોય તેમને ખાસ ઈનસેટિવ આપવા બાબતની યોજના પણ અમલમાં છે. દરેક પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને કોમન સર્વિસ સેન્ટર કાર્યરત કરવા માટે તાલુકા વાર કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. ઉપરાંત જિલ્લાના જે ગામમાં દૂધ સહકારી મંડળી કે સેવા સહકારી મંડળી ન હોય અથવા કાર્યરત ન હોય તે ગામમાં નવી મંડળીઓની રચના પણ કરવામાં આવશે. આ વિવિધ પહેલો મહત્તમ લાભ લેવા સહકારી સંસ્થાઓ અને સભાસદોને અપીલ કરવામાં આવે છે. આ યોજનાઓનો લાભ મેળવવા માટે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જૂનાગઢની કચેરી, બહુમાળી ભવન બ્લોક નંબર-ના ત્રીજા માળ, સરદારબાગ, જૂનાગઢ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

# જીવનનગર પ્રાચીન ગરબીમાં કલા-કૌશલ્યના દર્શન : ડો.દર્શિતાબેન શાહ

## ગરબીના ૪૩માં વર્ષે રાસ-ગરબા નિહાળતા ભાજપના આગેવાનો, ટીપ્પણી, બેડા, દિવડા રાસથી લોકો મંત્રમુગ્ધ



રાજકોટ, તા.૧૦

જીવનનગર વિકાસ સમિતિ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગર પ્રાચીન ગરબી મંડળની બાળાઓના રાસ-ગરબાએ અનેરી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ટીપ્પણી, બેડા, દિવડા, ખંજરી, તાલી રાસે લોકોને મંત્રમુગ્ધ કરી આદર્શ એવોર્ડનું બિરૂદ સાર્થક કરી દરરોજ માનવ મહેરામણ ઉમટી પડે છે. પ્રાચીન ગરબીમાં દિપ પ્રાગ્ટય, લ્હાણી વિતરણ ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, મહાનગરપાલિકાના દંડક મનીષભાઈ રાડીયા, વોર્ડ નં. ૧૦ ના નગરસેવકો નિરૂભા વાઘેલા, ડો. રાજેશ્રીબેન ડોડિયા, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, મહામંત્રી રત્નદિપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી, બક્ષીપંચ મોરચાના ડો.આશિષ મકવાણા, સંયોજક શ્યામભાઈ ડાભી, સોશ્યલ મિડિયાના દર્શિત જોષી, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, આંખના સર્જન ડો. પ્રજ્ઞ મહેતા, ડો. કોરન મહેતાએ કર્યુ હતું. બાળાઓના રાસ-ગરબા નિહાળી લોકો પ્રભાવિત થયા હતા. જીવનનગર સમિતિની અનેકવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે કલા-કૌશલ્યનો સમન્વય જીવનનગર પ્રાચીન ગરબીમાં જોવા મળે છે. ગરબીમાં હાજરી આપવી અમારૂં ગૌરવ સમજીએ છીએ.

૪૩ વર્ષથી અવિરત ગરબીનું સાતત્ય જાળવવું તે માટે સમિતિના જયંત પંડયાને અભિનંદન પાઠવું છું. રાજકોટ મહાનગરપાલિકાના દંડક મનિષભાઈ રાડીયાએ જીવનનગર વિસ્તારમાં વર્ષોથી પ્રવૃત્તિઓ થાય છે, સૌ કોઈ સાક્ષી છે. રહીશોની એકતાના કારણે સફળતા મળે છે. બાળાઓને અભિનંદન પાઠવ્યા હતા. સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ પરિચય આપી સકારાત્મક કામ કરવું તે મુખ્ય ધ્યેય છે. કામની ઓળખ આપોઆપ થાય છે. મહિલા મંડળની અથાગ મહેનત રાસ-ગરબામાં રંગત લાગે છે. સુનિતાબેન વ્યાસને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. જીવનનગર સમિતિના ઉપપ્રમુખ મુકેશભાઈ પોપટ, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, અંકલેશ ગોહિલ, અનંતભાઈ ગોહેલ, ઉપેન્દ્ર પંડયા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડિયા, નેહાબેન મહેતા, આશાબેન મજેઠીયા, ભારતીબેન ગંગદેવ, હર્ષાબેન પંડયા, જયોતિબેન પુજારા, યોગિતાબેન જોબનપુત્રા, જીગીશાબેન રાવલ, ભક્તિબેન, અલ્કાબેન પંડયા, મહોત્સવમાં શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યા છે.

# 'આંતર રાષ્ટ્રીય બાલિકા દિવસ' અંતર્ગત જાતિય ચકાસણી ઉપર પ્રતિબંધ

## (PCPNDT) અધિનિયમ- ૧૯૯૪ બાબતે નર્સિંગ કોલેજ જૂનાગઢ ખાતે સેમીનારનુ આયોજન

જૂનાગઢ તા.૧૦

જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી તેમજ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ ગઈકાલે નર્સિંગ કોલેજ જૂનાગઢ ખાતે જાતિય ચકાસણી ઉપર પ્રતિબંધ લાદવા સ્ત્રીભ્રૂણની હત્યા થતી અટકાવવા અને તેની સાથે સંકળાયેલ બાબતો ઉપર નિયંત્રણ મુકતી જોગવાઈઓ કરવા બાબતનો અધિનિયમ-૧૯૯૪ (PCPNDT) બાબતે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ઉપસ્થિત દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડએ શાબ્દિક સ્વાગત કરી વિદ્યાર્થીઓની અને તમામ સ્ટાફનું અભિવાદન કરી મહિલાલક્ષી માહિતી અને કામકાજના સ્થળ પર જાતીય સતામણીની માહિતી આપી હતી. તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ચાવડા સાહેબએ (PCPNDT) એકટની વિસ્તારથી વાત કરી અને કિશોરીઓના સ્વાસ્થ્યની ચર્ચા કરી હતી. OSC અને PBSCના કર્મચારીઓ અને DHEWના DMC શ્રી કૃપાબેન ખુંટ દ્વારા મહિલાલક્ષી માહિતી આપી હતી. આમ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની ટીમ જૂનાગઢ દ્વારા કાર્યક્રમ આયોજન કરેલ અને ઉપસ્થિત વિદ્યાર્થીઓને બેટી બચાવો બેટી પઢાવોના લોગાવાળા કાચના મગનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# મેંદરડા પ્રાંત અને મામલતદાર કચેરીના અધિકારી-કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી

## દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્ય કરવા થયા સંકલ્પબદ્ધ



જૂનાગઢ તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યનો મુખ્યમંત્રી તરીકે પદવાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યના સર્વાંગી અને સર્વગ્રાહી વિકાસ યાત્રાની શરૂઆત કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે ગઈકાલે મેંદરડા પ્રાંત અને મામલતદાર કચેરીના અધિકારી - કર્મચારીઓ દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્ય કરવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

પ્રાંત અધિકારી હિરલબેન ભાલાળાના અધ્યક્ષસ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. વિકાસ સપ્તાહ અંતર્ગત પ્રાંત અને મામલતદાર કચેરીના કર્મયોગીઓએ ઉત્સાહભેર ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. આમ, દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્ય કરવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

# શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજીત ''વિવાહ ફાર્મ'' ખાતે નવરાત્રી મહોત્સવ-૨૦૨૪માં યોજાયેલ રક્તદાન કેમ્પ






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ સોશિયલ ગ્રુપના વિનોદભાઈ ચાંડેગરા, લલીતભાઈ વરૂની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તારીખ ૯-૧૦-૨૪ને બુધવાર આસો સુદ સાતમના રોજ શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજીત ઝાંઝરડા ચોકડી રોડ, ખલીપુર ચોકડી પાસે, દેશી પકવાનની બાજુમાં આવેલ વીવાહ ફાર્મ ખાતે સુંદર મજાનું જ્ઞાતિજનો માટે નવરાત્રી મહોત્સવનું ભવ્યથી અતિ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં રોજ બરોજ જ્ઞાતિજનોને ઉપયોગી બનવાના શુભ સંદેશઓ સાથે કંઈકને કંઈક નવા વિચારોથી મયુર ભાવેશભાઈ ચાંડેગરાએ ભગવાન ભોળાનાથની પ્રતિકૃતિ બનાવેલ તેમજ અવની અશ્વીનભાઈ વાઢેર દ્વારા સરસ મજાના પેન્સિલ વર્કના ચિત્રો બનાવી સુશોભિત કરવામાં આવેલા છે. વિશેષમાં ભાવેશભાઈ ખોલીયાએ જણાવેલ હતું કે, જેમ સોનામાં સુગંધ ભળે તેમ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સૌ પ્રથમ માતાજીની આરતી પૂજન કરી રક્તદાન કેમ્પનું દીપ પ્રાગટ્ય(નાયબ પ્રાથમિક જીલ્લા શિક્ષણાધિકારી) રમેશભાઈ જેઠવા તથા જ્ઞાતિ અગ્રણીઓ અતુલભાઈ વિસાવાડિયા, પી.એ. ટાંક, ભગવાનજીભાઈ વાળા, હરસુખભાઈ ચાંડેગરા સહિતના લોકોના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મહેમાન પદે ડો. ધવલ ગોહિલ, ડો. પ્રતીક ગોહિલ, ડો. ચિંતન મોરી, ડો. વીજય ભાલોડીયા, ડો. નિમીષ હીગરાજીયા, ડો. પ્રશાંત ગવાણીયા, ડો. પ્રતીક ટાંક, ડો. ચિરાગ માકડીયા, મનસુખભાઈ વાજા તથા ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી, સમીર દવે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન કેમ્પમાં રક્ત દાતાઓ દ્વારા ૩૪ બોટલ રક્તનું દાન કરીને "રક્તદાન મહાદાન"ના સુત્રને સાર્થક કરેલ હતું. આ તમામ રક્તદાતાઓને જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા સુંદર મજાની ગિફ્ટ અર્પણ કરવામાં આવેલ હતી. આ કેમ્પને સફળ બનાવવા ડો. અર્ચિત ભરડવા, ડો. પરેશ ચાંડેગરા, સંજય બુહેચા, ડો. ઋતુજા કુકડીયા, ઉદય બુહેચા, કેવલ દેવળીયા, આશિષ ગિરનારા, માનસીબેન નેના, ધરતીબેન ડાભી, હેમન વરૂ સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# જૂનાગઢ જિલ્લામાં ૧૯૬૨ દ્વારા છેલ્લા સાત વર્ષમાં કુલ ૨૭૯૦૮ બિનવારસી પશુ-પક્ષીઓને નવ જીવન અપાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ગુજરાત સરકાર અને ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસના બિનવારસી પશુ પક્ષીઓ માટે આર્શીવાદ રૂપ કાર્યરત ૧૯૬૨ કરુણા એનિમલ એમ્બ્યુલન્સને સાત વર્ષ પૂર્ણ થતા જૂનાગઢ જીલ્લાના ૧૯૬૨ સ્ટાફ, ૧૦૮ સ્ટાફ તથા MHU ધનવંતરી સ્ટાફ દ્વારા કેક કાપી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ ૧૯૬૨ના અધિકારી પ્રહલાદસિંહ સોલંકી, ૧૦૮ અધિકારી યુવરાજસિંહ ઝાલા હાજર રહ્યા હતા. આ અનુસાર ૧૯૬૨ની આ નિઃશુલ્ક સેવા દ્વારા જૂનાગઢ જિલ્લામાં સાત વર્ષમાં આજ સુધી ૨૭૯૦૮ બિનવારસી પશુ પક્ષીઓને નવ જીવન આપવામાં આવ્યું છે.

૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા પશુઓના રૂમેનોટોમી, સીજેરિયન તથા એકિસડન્ટમાં ઘવાયેલ પશુઓના જટિલ ઓપરેશન પણ કરવામાં આવ્યા છે. આમ ૧૯૬૨ દિનપ્રતિદિન વધારેમાં વધારે પશુઓને સારવાર પૂરી પાડે તેવી બધાયે શુભેચ્છા પાઠવી હતી.

# દ્વારકાધીશ મંદિર નજીક સતત બીજા દિવસે ડ્રોન ઉડયાનો વીડીયો વાયરલ

## સ્ટારપ્લસની 'અનુપમા' સીરીયલના ડ્રોન ઓપરેટર સામે જાહેરનામાના ભંગ બદલ નોંધાયો ગુન્હો





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

દ્વારકાધીશ જગતમંદિર નજીક ગોમતી ઘાટ પાસે ડ્રોન કેમેરો ઉડયા અંગેનો વીડીયો વાયરલ થતાં સતત બીજા દિવસે જગતમંદિર નજીક ડ્રોન કેમેરા ઉડયા અંગેનો વીડીયો વાયરલ થતાં પોલીસ દ્વારા જવાબદારો સામે જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટારપ્લસ ચેનલની લોકપ્રિય સીરીયલ 'અનુપમા'ની ટીમ પાંચ દિવસના દ્વારકાના શીડયુલ શુટીંગ માટે દ્વારકા આવેલ હોય ગઈકાલે તેમના દ્વારા દ્વારકાધીશ મંદિર નજીક ગોમતી ઘાટ પાસેથી ડોન પ્રતિબંધીત વિસ્તારમાં ડ્રોન કેમેરાથી શુટીંગ કરાયા અંગેનો વીડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં દ્વારકા પોલીસ સ્ટેશનના પી.આઈ. દિપક ભટ્ટ તથા ટીમે શુટીંગ ટીમના જવાબદારોને ડ્રોન કેમેરા તથા સાહિત્ય સાથે પોલીસ સ્ટેશને રજૂ કરી તપાસ હાથ ધરી હતી અને ડ્રોન ઓપરેટર સુરેશભાઈ નારણભાઈ બરવાડીયા, રહે.જૂનાગઢ વાળા સામે જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધી ધોરણસરની કામગીરી હાથ ધરી હતી. આ સાથે વહીવટી તંત્રે ડ્રોન ઉડાવવા અંગે કોઈપણ પ્રકારની મંજૂરી આપવામાં આવેલ ન હોવાનું પણ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકાધીશ જગતમંદિર આતંકવાદીઓના હીટલીસ્ટમાં હંમેશા રહ્યું હોય ભૂતકાળમાં પાકીસ્તાન દ્વારા ટાર્ગેટ પણ કરાયું હોય જગતમંદિરની સુરક્ષા માટે સરકારે ઝેડ કેટેગરીની સુરક્ષા આપી હોય ત્યારે જગતમંદિર આસપાસ ડ્રોન કેમેરો પ્રતિબંધિત હોય આમ છતાં ગઈકાલ બાદ આજે પણ સતત બીજા દિવસે ડોન કેમેરો ઉડયા અંગેના વીડીયો વાયરલ થતાં પોલીસની કામગીરી અંગે અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. આ સાથે ગઈકાલની ડ્રોન ઉડયાની ઘટના અંગે કોઈ નિષ્કર્ષ આવેલ ન હોય ગઈકાલે ડ્રોન ઉડવાની ઘટના સાથે મંગળવારના બનાવ વચ્ચે સમન્વય છે કે કેમ તે પણ તપાસનો વિષય બની ગયો છે.

# આદિત્યાણા ગામે આવેલ ખનીજ વ્હાઈટ ચોક ઉદ્યોગ બે માસ બંધ થતા હજારો લોકોની રોજીરોટી ઝુંટવાઈ

(પ્રકાશ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૯

વિશ્વભરમાં માત્ર બે જગ્યા બેલ્જીયમ અને ભારતમાં તેમજ એશીયાભરમાં માત્ર એક જગ્યાએ ગુજરાતના પોરબંદર જીલ્લાના આદિત્યાણા ગામે મળી આવતું ખનીજ વ્હાઈટ ચોક ઉદ્યોગ છેલ્લા બે મહિનાથી સંપૂર્ણપણે બંધ થઈ જતા આ ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો લોકોની રોજીરોટી ઝુંટવાઈ ગયેલ છે. સીરકારની ખોટી નીતીઓને કારણે મોટા ઉદ્યોગોને ગોળ અને લઘુ ઉદ્યોગને ખોળ તે અનુસાર લઘુ ઉદ્યોગ ધીમે ધીમે બંધ થઈ રહેલ છે. સરકાર દ્વારા છેલ્લા બે મહિનાથી ચોક ઉદ્યોગના એટીઆર(રોયલ્ટી) લોક કરી દીધેલ છે. આ રોયલ્ટી લોક કરવાનું કારણ એન્વાયરમેન્ટ કલીયરન્સ(ઈ.સી.) છે. આ ચોક ઉદ્યોગ દ્વારા ૨૦૧૪થી ઈ.સી. માટે એપ્લાઈ કરવામાં આવેલ છે પણ સરકારના જુદા-જુદા પરિપત્રોને આધારે ચોક ઉદ્યોગને ઈ.સી. ઈસ્યુ કરવામાં આવેલ નથી. છેલ્લે સરકાર દ્વારા ૨૦૨૧માં કલસ્ટર ઈસી જાહેર કરવામાં આવેલ જે મુજબ સરકાર દ્વારા એક એજન્સીને ઈસી માટે કામ આપવામાં આવેલ અને બધા ચોક ઉદ્યોગકારોને આ એજન્સીમાં જોડાઈને ઈસી લેવાનું કહેવામાં આવેલ અને ચોક ઉદ્યોગકારોએ આ એજન્સીને પોતાના ડોકયુમેન્ટ પણ આપી દીધા અને સાથોસાથ દરેક ચોક લીઝ હોલ્ડરોએ સહમતી પણ આપેલ કે આનો જે ખર્ચ થાય તે ભોગવવા તૈયાર છે પણ અમને ઈસી આપો પણ અંતે ૨૦૨૪માં આ કલસ્ટર ઈસીની એજન્સીનું પણ ઉઠમણું થઈ ગયું અને ફરીથી ચોક ઉદ્યોગકારોએ પોતાની રીતે સેપરેટ ઈસી માટે અરજીઓ કરી પણ હજુ સુધી સરકાર દ્વારા ઈસી ઈસ્યુ કરવામાં ના આવતા અંતે ખાણ ખનીજ વિભાગ દ્વારા છેલ્લા બે મહિનાથી આ ચોક ઉદ્યોગકારો દ્વારા ઈસી માટે કરવામાં આવેલ લાખો રૂપીયાનો ખર્ચ પાણીમાં ગયેલ છે અને આ ચોક ઉદ્યોગ તેમજ તેની સાથે સંકળાયેલ હજારો લોકો બેકારીના ખપ્પરમાં હોમાઈ ગયેલ છે. આ ચોક ઉદ્યોગ દ્વારા જરા પણ પ્રદુષણ કરવામાં આવતું નથી છતાં પણ એન્વાયરમેન્ટ કલીયરન્સ આપવામાં આવતું નથી. ઉપરાંત બરડા વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી પણ પાંચ કિલોમીટર દુર આવેલ છે. જેથી જંગલથી પણ ખુબ દુર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીની દિવાલથી માત્ર એક કિલોમીટર વિસ્તારમાં આવેલ એક મોટા ઉદ્યોગને એન્વયારમેન્ટ કલીયરન્સ પણ આપી દેવામાં આવેલ છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા ૯૫/૨૦૦૨ મુજબ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીની બાઉન્ડ્રીથી એક કિલોમીટર હદમાં આવેલ કોઈપણ ઉદ્યોગ બાન ગણાય છે. આમ મોટા ઉદ્યોગોને નિયમ બહાર જઈને પણ ચાલું રાખવામાં આવે છે. જયારે લઘુ ઉદ્યોગને કોઈ પ્રદુષણ કરતું ન હોવા છતાં પણ બંધ કરાવી દેવામાં આવે છે. આદિત્યાણાનો ઘોડા પથ્થર પણ ભારતભરમાં પ્રખ્યાત છે જે પથ્થર મંદિરો બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ પથ્થર નાના-નાના ખાણીયાઓ દ્વારા કાઢવામાં આવતા તેનો આ નાના-નાના ખાણીયાઓની રોજીરોટી પણ છેલ્લા દસેક વર્ષથી બંધ થઈ ગયેલ છે અને ખાણીયાઓના લીઝ પરવાના પણ રદ કરી નાખવામાં આવેલ છે.

એશીયાભરના એક માત્ર એવા ચોક ઉદ્યોગને મૃતપાય થતો અટકાવવા સરકાર દ્વારા તાત્કાલીક અસરથી એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવે અને લોક કરવામાં આવેલ રોયલ્ટી પાસ પુર્નઃ અનલોક કરી વિસ્તારની બેકારી દુર કરવામાં આવે તેવી ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવેલ છે.

# આધ્યાત્મિક અને સેવાકીય સંસ્થા : દ્વારકાની ગાયત્રી શકિતપીઠ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણ પખાળતા ઘૂઘવતા અરબી સમુદ્રનાં તટે કુદરતી વાતાવરણમાં આવેલી ગાયત્રી શકિતપીઠ એક આધ્યાત્મિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓની સેવાભાવી સંસ્થા બની રહી છે. જે યજ્ઞ, દર્શન અને સ્વાધ્યાયની પ્રવૃત્તિઓ દ્વારા આત્મ કલ્યાણનું માધ્યમ પણ બની રહી છે. સ્વ. પુરૂષોત્તમ વિશ્રામ માવજી તરફથી મળેલી જમીન પર ગાયત્રી મંદિરનાં નિર્માણ માટે ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજી દેસાઈના વરદ્ હસ્તે ચોથી એપ્રિલ ૧૯૮૨ ના રોજ ખાત મુહૂર્ત અને ગાયત્રી શકિતપીઠની પ્રાણપ્રતિષ્ઠા ટાટા કેમિકલ્સના ચેરમેન સ્વ. દરબારી શેઠના હસ્તે થઈ હતી. ગાયત્રી પરિવાર ટ્રસ્ટી મંડળનાં સ્વ. મુકુન્દભાઈ એમ. શાહનો પરિવાર મુંબઈથી આ શકિતપીઠનું સંચાલન કરી રહ્યો છે. ગાયત્રી શકિતપીઠમાં ગાયત્રી માતાજીનું મંદિર આવેલું છે. મંદિરની બાજુમાં પંચકુંડી યજ્ઞશાળા છે. જયાં નિત્ય હોમ-હવન-યજ્ઞ થતા રહે છે. છેલ્લા વર્ષોમાં વિના મૂલ્યે ટ્યુશન ક્લાસીસ, વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોનું વિતરણ, સમૂહલગ્ન, યજ્ઞોપવિત તેમજ વ્યકિતગત ધોરણે જન્મદિન, લગ્ન દિનની આધ્યાત્મિક ઊજવણી કે દીપયજ્ઞ વિગેરે પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે. વર્ષ ૧૯૯૦ થી આરોગ્યની સેવા, નિઃશુલ્ક આયુર્વેદ દવાખાનું ચાલી રહ્યું છે, જેમાં છેલ્લાં બે દાયકા ઉપરાંતથી જામનગરનાં વૈદ્ય ડો. ડી.પી. મહેતા નિયમિત સેવા આપી રહ્યા છે. અવાર-નવાર નેત્ર નિદાન યજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવે છે. અદ્યતન સુવિધાવાળો બ્લોક કોમ્પ્લેક્ષ, મુકુન્દલાલ વાટિકા તથા નયનરમ્ય બેઠક વ્યવસ્થા પ્રભાવિત કરે છે. આ સંસ્થા દ્વારકાનું આધ્યાત્મિક નજરાણું છે.

# જૂનાગઢમાં બેટરીની ચોરી કરનાર યુવકને ઝડપી લેતી પોલીસ : ૧૨ બેટરી જપ્ત કરાઈ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં પોલીસે બેટરીની ચોરીમાં સંડોવાયેલા એક યુવકને ઝડપી લઈ તેની પાસેથી ચોરી કરાયેલી ૧૨ બેટરી જપ્ત કરી અને તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢમાં બાઈકની બેટરી ચોરતો ૨૪ વર્ષીય મહમદ ગફાર સોબરને પોલીસે ઝડપી લઈ ૧૨ બેટરી કબ્જે કરી હતી. એ ડીવીઝનના સર્વેલન્સ પોલીસ સ્ટાફ ઈન્ચાર્જ પીએસઆઈ જે.આર. વાજાની ટીમ શહેરમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન જેલ રોડ ચાર રસ્તા પાસે એક શખસ પોતાના ખંભે બાચકું ઉપાડી આવતો જોવા મળતા પોલીસને જોઈને આડોઅવળ થવા લાગ્યો હતો. પોલીસે અલંકાર ટોકીઝ પાસે આવેલ નવાપરા લાઈનમાં રહેતો મહમદ સોબરને રોકી તેની પાસેના બાચકામાં ચેક કરતા બાઈકની અલગ-અલગ કંપનીની ૧૨ ચોરાવ બેટરી મળી આવતા રૂા.૬૦૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પુછપરછમાં શખ્સે શહેરના અલગ-અલગ વિસ્તારમાંથી બાઈકની બેટરી ચોરી હોવાની કબુલાત આપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

# ઉના નગરપાલીકા દ્વારા સોસ સેગ્રીગેશન વિશે માહિતી અપાઈ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૯

ઉના નગરપાલિકા દ્વારા વાલ્મિકી સખી મંડળ અને શની મહારાજ સખી મંડળના બહેનો દ્વારા કામગીરી સોસ સેગ્રીગેશન વિશે માહિતીઓને જાગૃત કરવા માટે પ્રયાસ ચાલે છે. દરેક વિસ્તાર દરેક સોસાયટી અને ઘર ઘર સુધી મહિલાઓને સમજાવવામાં ભીનો કચરો અને સૂકો કચરો અલગ અલગ રાખો અને ડોર ટુ ડોરની કચરાની ગાડીમાં ભીનો કચરો અલગ ડબામાં નાખો અને સૂકો કચરો સૂકા કચરાના ડબ્બામાં નાખો આ સંદેશો લોકોને સમજાવામાં અને જાગૃતિ માટે આ પ્રયત્ન ચાલે છે.

WESTERN RAILWAY - BHAVNAGAR DIVISION

EXPRESSION OF INTEREST FROM NABH / NON-NABH ACCREDITED MULTI SPECIALITY HOSPITAL FOR TREATMENT FOR PERIOD OF 02 (TWO) YEARS.

Divisional Railway Hospital Bhavnagar Para, Western Railway invites Expression Of Interest from NABH/ Non NABH Accredited Hospitals who can provide multi specialty treatment located on Junagadh for extending treatment to Railway beneficiaries for the period of 02(Two) years. All the Hospitals should fulfill the pre-laid qualifying criteria and terms and conditions for empanelment with Railways. It is desirable that the rates of treatment should be at or below CGHS rates.

Interested Hospitals may collect the details of criteria/T&C/Annexure. from the address mentioned below and send your sealed EOI as "EOI for MULTI SPECIALITY HOSPITAL TREATMENT" to the undersigned latest by 22/10/2024. 111

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

# જૂનાગઢમાં ગુણાતીત નગર ગરબી મંડળની મહાનુભાવોએ શુભેચ્છા મુલાકાત લીધી



જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં દર વર્ષે ગુણાતીત નગર ખાતે નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવી રહેલ છે. દરમ્યાન ગઈકાલે તા.૦૯/૧૦/૨૪ ના રોજ માતાજીના નવલા નોરતાના હોય ત્યારે ગુણાતીત નગર ગરબી મંડળની શહેર ભાજપ્રમુખ શ્રી પુનિત ભાઈ શર્મા અને માજી કોર્પરેટર શ્રી અરવંદભાઈ ભલાની એ શુભેચ્છા મુલાકાતે આવેલા આ તકે ગુણાતીત નગર ના પ્રમુખ શ્રી નયનભાઈ જાદવ ઉપ પ્રમુખ શ્રી પરેશ ભાઈ દવે તથા સભ્ય શ્રી કિશોરભાઈ સોલંકી શ્રી ભૂપેન્દ્રભાઈ દવે શ્રી મહેશભાઈ દવે શ્રી નિર્મિત ભાઈ માંથુકિયા શ્રી જયેશ ભાઈ દવે શ્રી પલ્લવભાઈ ધોળકિયા શ્રી નિર્મળભાઈ શાહ દ્વારા ગુણાતીત નગર ના રહેવાશી ઓ દ્વારા શ્રી પુનિતભાઈ શર્મા નુ તથા શ્રી અરવંદભાઈ નુ શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

"વિકાસ સપ્તાહ -૨૦૨૪" ઉજવણીના ભાગરૂપે

# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી



જૂનાગઢ તા. ૧૦

ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોમ્બર દરમ્યાન "વિકાસ સપ્તાહ" ઉજવવા નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે "વિકાસ સપ્તાહ -૨૦૨૪" ઉજવણીના ભાગરૂપે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ ખાતે "ભારત વિકાસ પ્રતિજ્ઞા" લેવામાં આવેલ હતી. જેમાં શ્રી ગૌરાંગ નરે, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ, શ્રી યશવંતસિંહ ડોડીયા, ટેકનીકલ મેનેજર, શ્રી ધ્યાનેન્દ્ર પૂરી, હેન્ડબોલ કોચ, સોહીલ દીપસિંહ ગોહિલ, વોલીબોલ કોચ તેમજ અન્ય ટ્રેનર અને સ્ટાફ મળી અંદાજીત ૩૫ લોકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને પ્રતિજ્ઞા લીધી હતી.

## ટેન્ડર નોટીસ

સરકારી આયુર્વેદ હોસ્પીટલ, જૂનાગઢ ખાતે દાખલ થતા દર્દીઓના ભોજન બનાવવા માટે શાકભાજીના ભાવ ટેન્ડરની શરતોને આધીન રહીને વર્ષ ૨૦૨૪-૨૫ માટે મંગાવવામાં આવે છે. તો રસ ધરાવનાર વેપારીએ આ અંગેના કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત બહાર પડયાના પછીનાં દિવસથી કામકાજનાં દિવસ-૭ સુધીમાં કચેરીના સમય દરમ્યાન વહીવટી કચેરીમાં ટેન્ડર ફોર્મ દીઠ ફી રૂા.૧,૫૦૦/- ભરીને મેળવી લેવાના રહેશે. તેમજ ટેન્ડર ભરનાર વેપારીએ ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ શરતો મુજબ ટેન્ડર ભરવાનું રહેશે.

અધિક્ષક

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, જૂનાગઢ

માહિતી/જૂના/૫૦૯/૨૦૨૪

## –:: સરકારી વાહનોની જાહેર હરાજી ::–

પ્રાંત કચેરી, મેંદરડા હસ્તકનાં ૨૬ બાતલ થયેલ વાહન નં. જી.જી.૧૧ જી. ૧૨૨૪ ચેવરોલેટ ટાવેરા (ડીઝલ) મોડલ-૨૦૧૧ની જાહેર હરરાજી રાખેલ છે. જેની અપસેટ પ્રાઈઝ રૂા. ૬૬,૦૦૦/- નકકી થયેલ છે. હરરાજીનું સ્થળ : પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન, મેંદરડા, હરરાજીની તા. ૨૨-૧૧-૨૦૨૪, સમય : ૧૫.૦૦ કલાકે, વાહન જોવાનું સ્થળ / સમય : પ્રાંત કચેરી, મેંદરડા તાલુકા સેવા સદન ખાતે (રજાના દિવસો સિવાય) ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક. રસ ધરાવતા ઈસમોએ અપસેટ કિંમતનાં ૧૦% લેખે રૂા. ૬,૬૦૦/- ડિપોઝીટ રકમ પ્રાંત કચેરીની એસ્ટા શાખામાં તા. ૧૬-૧૧-૨૦૨૪ સમય : ૧૫ કલાક સુધીમાં જમા કરાવવાની રહેશે. હરરાજીની શરતો આ કચેરીની એડીએમ શાખામાંથી મળી શકશે.

નં.એડીએમ/વાહન હરરાજી/૧૨૨૪/૨૦૨૪ તા. ૦૫-૧૦-૨૦૨૪

માહિતી/જૂના/૫૧૩/૨૦૨૪

# મેંદરડાના નાજાપુર ગામે ઝેરી દવા પી લેતા આધેડનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

મેંદરડાના નાજાપુર ગામે રહેતા આધેડે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું મેંદરડા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા થાણે પંકજભાઈ ઓઘડભાઈ પોલરાએ જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ વિજયભાઈ (ઉ.વ.૪૭) વાળાએ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં લુખ્ખાઓનો ત્રાસ : લૂંટના વધતા બનાવો

## થોડા દિવસના અંતરે આઈટીઆઈના વિદ્યાર્થીને માર મારી લૂંટી લેવાના બે બનાવ : આવા બનાવો વધુ બને તે પહેલા કડક કાર્યવાહી સાથે પોલીસ પેટ્રોલીંગ વધારવા માંગ

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં કેટલાક સમયથી લુખ્ખા તત્વોનો ત્રાસ વધી રહ્યો હોવાના બનાવો બની રહ્યા છે. લૂંટના બનાવોમાં ચિંતાજનક ઢબે વધારો થયો છે. જ્યારે આવા કહેવાતા લુખ્ખા તત્વોને કાયદાનું ભાન કરાવવા તેમજ કડક કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

જૂનાગઢ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી લુખ્ખાઓ જાણે બેલગામ બન્યા હોય તેવા બનાવો બની રહ્યા છે. ખાસ કરીને લૂંટના બનાવો ચિંતાજનક ઢબે વધારો થયો છે. અને અવાર-નવાર થતાં આ બનાવો પોલીસ માટે લાલબત્તી સમાન છે ત્યારે આવા લુખ્ખા તત્વોને ઝેર કરવા માટે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી આમ જનતાની લાગણી જોવા મળી રહી છે.

જૂનાગઢમાં આઈટીઆઈના એક વિદ્યાર્થીને ફોન કરવાના બહાને વિવેકાનંદના ગ્રાઉન્ડમાં લઈ જઈ છરી બતાવી પૈસાની માંગણી કરી હતી પરંતુ વિદ્યાર્થી પાસે પૈસા ન હોવાથી ઓનલાઈન ટ્રાન્સફર કરવા કહ્યું હતું. વિદ્યાર્થી પાસે ઓનલાઈન પૈસા પણ ન હતા આથી બે લુખ્ખાઓએ તેને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મોબાઈલ ફોન લૂંટી લીધો હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ બનાવમાં વધુમાં મળતી વિગત અનુસાર, ધોરાજી તાલુકાના જમનાવડ ગામે રહેતા અને જૂનાગઢ આઈટીઆઈમાં અભ્યાસ કરતા નીખીલગીરી નયનગીરી મેઘનાથી અભ્યાસ કરવા જૂનાગઢ આવ્યો હતો અને સવા ચારેક વાગ્યે આઈટીઆઈમાંથી છુટીને કાળવા ચોક તરફ જતો હતો ત્યારે વિવેકાનંદ સ્કુલના ગ્રાઉન્ડમાં આવેલા ઝાડ પાસે બે અજાણ્યા ૧૮ થી ૨૦ વર્ષના શખ્સોએ આવી એક ફોન કરવો છે તેમ કહી મોબાઈલ માંગ્યો હતો. નીખીલગીરીએ ફોન આપતાં બન્ને ફોન લઈને ગ્રાઉન્ડમાં આવેલા સ્ટેડીયમ સુધી લઈ ગયા હતા અને ત્યાં આ શખ્સોએ નીખીલગીરીને છરી બતાવી અને જેટલા પૈસા હોય તે આપી દેવા નહીંતર છરી તારી સગી નહીં થાય તેમ કહ્યું હતું.

આ બનાવમાં ભોગ બનનાર પાસે પૈસા ન હોય જેથી આ લુખ્ખા તત્વો તેનો ફોન બળજબરીથી કઢાવી લઈ નાશી ગયા હતા. થોડા દિવસ અગાઉ પણ વિવેકાનંદ સ્કુલના ગ્રાઉન્ડમાં આઈટીઆઈના વિદ્યાર્થીને માર મારી લૂંટ કર્યાનો બનાવો બન્યો હતો અને અન્ય એક બનાવમાં એક યુવાનને પોલીસની ઓળખ આપી અને લુખ્ખા તત્વોએ ૮૦૦ રૂપિયા કઢાવી લીધા હતા. થોડા દિવસમાં જ એક યા બીજા બહાના હેઠળ લૂંટ કરવાના ત્રણ બનાવો પોલીસ દફતરે નોંધાયા છે અને તે જોતાં ચિંતાજનક ઢબે આવા બનાવો વધી રહ્યા હોય, જે પોલીસ માટે પણ પડકારરૂપ બની ગયેલ છે.

જૂનાગઢ શહેરમાં અવાર-નવાર રસ્તે જતાં રાહદારીઓને સામાન્ય બાબતમાં પણ બોલાચાલી કરી અને માર મારવાની ઘટનાઓ બને છે તો કયારેક કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર તૈનાત પોલીસ કર્મચારી અથવા તો અન્ય ડયુટી નિભાવનારા જવાનોને પણ સામાન્ય બાબતમાં પણ ફરજમાં રૂકાવટ કરવામાં આવતી હોવાના બનાવો પણ અવાર-નવાર બની રહી છે. અને આવા બનાવો ચિંતાજનક ઢબે વધી રહ્યા છે ત્યારે વધુ કોઈ આવા બનાવ ન બને તે માટે પોલીસે પોતાની ધાક અપરાધીઓ માટે બેસાડવા માટે પણ દાખલારૂપ કાર્યવાહી કરવી જરૂરી છે.

જોકે, હાલ જૂનાગઢ શહેર અને જીલ્લામાં નવરાત્રી મહોત્સવ શાંતિપૂર્વક અને ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ રહ્યો છે. પ્રજાજનો શાંતિપૂર્વક આ તહેવારને મનાવી રહે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદમહેતાના માર્ગદર્શન હેઠળ શહેર અને જીલ્લા ભરમાં ૧૨૦૦ થી વધારે પોલીસ અધિકારી-કર્મચારીઓનો કાફલો ફરજ બજાવી રહેલ છે. વિવિધ વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં કાયદાનો ભંગ કરી અને વાહનો ચલાવી રહેલાઓ સામે કાયદાનો કોરડો વિંજવામાં આવી રહ્યો છે.

નશીલા પદાર્થોનું સેવન કરી અને વાહન ચલાવનારાઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેર અને જીલ્લામાં કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા લેવામાં આવતા વિવિધ પગલાઓની સરાહનીય કામગીરીની પ્રશંસા પણ પ્રજાજનોમાંથી કરવામાં આવી રહી છે. પરંતુ આટલો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોવા છતાં પણ અવાર-નવાર પોલીસની આંખમાં ધુળ નાખીને પણ કોઈને માર મારવાના, ચોરી કરવાના કે લૂંટના બનાવો નાટકીય રીતે બની રહ્યા છે અને તે આજે પોલીસ માટે પણ પડકારરૂપ બની ગયેલ છે. ત્યારે આવા બનાવો ભવિષ્યમાં બને નહીં તે માટે પોલીસ દ્વારા શખ્ત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

# જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં માવઠાનો માહોલ વરસાદી છાટણા તો કયાંક વરસાદ પડયો

## ગઈકાલે રાત્રીના ડીસા, વાપી, પોરબંદરમાં તેજ પવન અને ગાજવીજ સાથે વરસાદ પડયો

(રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેર સહિત સોરઠ પંથકમાં આજે માવઠામય માહોલ રહ્યો છે. જૂનાગઢમાં ગઈકાલે અને આજે સવારથી કયાંક વરસાદી છાટણા તો કોઈ જગ્યાએ વરસાદ પડયાના અહેવાલો છે.

ચોમાસાની સીઝન પુરી થઈ ગઈ હોય તેમ કહી શકાય પરંતુ છેલ્લા ત્રણ-ચાર દિવસથી અસહ્ય ઉકળાટ અને મિશ્ર વાતાવરણ વચ્ચે ગઈકાલ રાત્રીથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. અને વરસાદી છાટણા પણ પડયા હતા જયારે આજે સવારથી જ માવઠામય માહોલ સર્જાયો છે. જેને કારણે સખત ઉકરાટભર્યા વાતાવરણમાં રાહતરૂપી હવામાન સર્જાયું છે. આ લખાય છે ત્યારે કેટલાક વિસ્તારમાં વરસાદના છાટણા પડયા છે જયારે જીલ્લાના વિવિધ વિસ્તારમાં વરસાના ઝાપટા પણ પડયાના અહેવાલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાથીયો નક્ષત્ર બેસે તે પહેલા જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ભારે વરસાદે જમાવટ કરી હતી અને જૂનાગઢમાં ઉપરાછાપરી સતત ત્રણ દિવસ વરસાદ વરસ્યો હતો. જૂનાગઢમાં અને ગિરનારમાં પણ આ દિવસો દરમ્યાન ભારે વરસાદ પડયો હતો અને જેને લઈને નદીઓમાં ઘોડાપુર આવ્યા હતા. દામોદરકુંડ બે કાંઠે થયો હતો તેમજ રાયજીબાગ આગળ આવેલા બ્રીજ પરથી વરસાદના પાણી ફરી વળ્યા હતા ત્યારે જૂનાગઢ શહેરના મોટાભાગના વિસ્તારોમાં પણ પાણી-પાણી થયું હતું. નવરાત્રીની શરૂઆત એટલે કે ૩ ઓકટોબરથી થઈ હતી ગઈકાલ સુધી મેઘરાજાએ જાણે સીઝન પુરી કરી લીધી હોય અને વિરામ લઈ લીધો હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. પરંતુ ગઈકાલથી ફરી હવામાનમાં પલ્ટો આવ્યો છે અને આજે પણ કેટલાક વિસ્તારોમાં વરસાદના છાટણા તેમજ કયાંક વરસાદી ઝાપટા પડયા હોવાના અહેવાલો છે. દરમ્યાન પ્રાપ્ત થતા અહેવાલો અનુસાર ગઈકાલે રાત્રે ડીસા, દ્વારકા, વાપી અને પોરબંદરમાં તેજ પવન તથા ગાજવીજ સાથે વરસાદ તુટી પડયો હોવાના અહેવાલો મળી રહ્યા છે.

# ભેસાણ તાલુકાના ધોળવા ગામના હત્યા કેસના આરોપીઓનો થયેલ નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા.૧૦

ભેસાણ તાલુકાના ધોળવા ગામના ખૂન કેસના બનાવમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ગત તા.૫-૩-૨૦૨૦ના રોજ ભેસાણ તાલુકાના ધોળવા ગામના રહીશ નાનજીભાઈ કાનજીભાઈ તેરવાડીયાનું સહીયારો કુવો હોય તેમાંથી પાણી લેવા બાબતે ઝઘડો થતા આરોપીઓએ મરણજનારને માથામાં પાવડાના ઘા તથા ખપારી મારી માથાના ભાગે ઈજા કરેલ અને આ ઈજાના કારણે મરણજનારનું મૃત્યુ થતાં ભેસાણ પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો.કલમ ૩૦૨, ૧૧૪, જીપીએ એકટ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ અને ભેસાણ પોલીસે બને આરોપીઓની ધરપકડ કરી પાડવો તથા અન્ય હથીયારો કબ્જે કરેલ તથા ગુજનરનાર ના લોહીવાળા કપડા તથા લોહીના નમુના લઈ તપાસ અર્થે ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલવામાં આવેલ તપાસના અંતે આરોપીઓ ગુન્હો કરેલ હોય તેઓની વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૦૨, ૧૧૪ તથા જીપીએની કલમ ૧૩૫ મુજબનું ચાર્જશીટ કરેલ તેમજ તે કેસ કમીટ થતાં તે કેસ વિસાવદરના એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજની કોર્ટમાં ટ્રાયલ માટે મોકલી આપેલ અને આ કેસમાં તપાસ કરનાર પોલીસ અધિકારી તથા મેડીકલ ઓફિસર મળી કુલ ૨૪ સાહેદોને તપાસવામાં આવેલ અને ત્યારબાદ આ કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના જજમેન્ટ રજુ કરવામાં આવેલ અને સરકારી વકીલ તથા બચાવ પક્ષની દલીલ બાદ ગઈ તા.૩૦-૯-૨૦૨૪ના રોજ વિસાવદરના એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ શ્રીમાળીએ બંને આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરેલ છે. સદરહુ કેસમાં બચાવ પક્ષે જૂનાગઢના એડવોકેટ એન્ડ નોટરી ભરતભાઈ એમ. રાવલ તથા એડવોકેટશ્રી હીરલબેન એચ. દેવમુરારી તથા એડવોકેટશ્રી રેશમાબેન એસ. નાગોરી તેમજ રૂચાબેન બી રાવલ તેમજ સિધ્ધાર્થ રાવલ વગેરે રોકાયેલ હતા.

# વંથલીના કાજલીયાળા ગામની સીમમાં જુગાર રમતા ૭ ઝડપાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

વંથલી તાલુકાના કાજલીયાળા ગામની સીમમાં જુગાર રમતા ૭ને વંથલી પોલીસે ૧.૭૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે કાજલીયાળા ગામની સીમમાં ઓઝત નદીના કાંઠે જાહેરમાં જુગાર રમતા કિશોરભાઈ ખીમાભાઈ ડાંગર, દેવાભાઈ ધરમણભાઈ જીલડીયા, વિનોદભાઈ પુંજાભાઈ દુદકીયા, રામભાઈ લખમણભાઈ ચાવડા, પ્રકાશ પરબતભાઈ યાદવ, વિમલભાઈ વલ્લભભાઈ ચાવડા, અશોકભાઈ લખમણભાઈ જલુને ૫૧૪૫૦ રોકડ સહિત ૭ મોબાઈલ, ૩ બાઈક મળી કુલ ૧,૭૬,૪૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ વંથલી થાણે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

# પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ જૂનાગઢ બી.એ.પી.એસ બાળ- યુવા મંડળ દ્વારા 'બાળ યુવા દિન'ની શાનદાર રજૂઆત કરાઈ


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

બી.એ.પી.એસ અક્ષર મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રાતઃ પૂજાનાં દર્શન આપ્યાં હતાં. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને જાણ થઈ હતી કે અમેરિકામાં બુધવારે ફ્લોરીડા ખાતે ટેમ્પામાં ૫ કેટેગરીનું ઈતિહાસનું અત્યાર સુધીનું મોટું ભયંકર વાવાઝોડું 'હેરીકેન-મિલ્ટન ૨૫૦ કી.મીની પ્રતિ કલાકે ત્રાટકવાનું છે જેને લીધે લેન્ડ ફોલ, સમુદ્રકાંઠા વિસ્તારના ગામોમાં પાણીના પુર, ભારી વર્ષા વગેરે તબાહી થવાની છે. તેથી તેમણે પોતાની પ્રાતઃ પૂજા બાદ આ ત્યાંના લોકોને ભયંકર વાવાઝોડામાં જાનહાની ન થાય, ઓછી નુકશાની થાય, ભગવાન એ ભયંકર વાવાઝોડાને શમાવી દે તે માટે મહંત સ્વામી મહારાજે સભામાં ધૂન પ્રાર્થના કરી હતી. સાયંસભામાં જૂનાગઢ બી.એ.પી.એસ યુવક મંડળ તથા બાળ મંડળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ શાનદાર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેને શ્રોતાગણોએ ખૂબ વધાવ્યો હતો. આજના સમાજમાં બાળ યુવા સમાજને જ્યારે કુસંસ્કારોની ઉધઈ ખાઈ જઈ રહી છે . જેમાં મોબાઈલની મોકાણ અને ખરાબ કુસંગ વધારે ભાગ ભજવે છે. આ બીજ વિચાર મુજબ બી.એ.પી.એસ બાળ વૃંદે 'મોબાઈલની મોકાણ' વિષયક સુંદર મોબાઈલ નૃત્ય રજૂ કર્યું હતું. તો જૂનાગઢ બી.એ.પી.એસના યુવકો અને બાળકો દ્વારા 'કુસંગ' વિષયક 'સમ્રાટ કુસંગ' નામે સુંદર સંવાદ રજૂ કર્યો હતો. સંવાદ બાદ યુવકોએ આજના સમાજમાં વાલી તથા બાળ યુવકો કુસંસ્કારોથી દૂર રહે, ધર્મમય બને, તેમનામાં નૈતિકતા સિંચાય તેની જાગૃતિ માટે પરમ પૂજ્ય મહંત સ્વામી સાથે પ્રશ્નોત્તર કર્યા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામીએ તે પ્રશ્નો ઉપર સુંદર માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વચન બાદ બાળ યુવા પ્રવૃત્તિ સંભાળતા સંતોએ સૌ બાળ યુવકો વતી મહંત સ્વામી મહારાજને હારતોરાથી સનમાન્યા હતા. આ નિમિત્તે હજારો બાળ યુવકો સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વંથલી તાલુકાના સાંતલપુર ગામ નજીક ખેતરમાં થ્રી ફેઈઝમાંથી કનેકશન આપી ઝટકા શોટ મુકતા વીજ કરંટથી આધેડનું મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

વંથલી તાલુકા સાંતલપુર ગામ નજીક ખેતરમાં ભુંડ ન આવે તે માટે સેઢા પર કાંટાળા તારમાં થ્રી ફેઈઝ ફયુજમાંથી કનેકશન આપી ઝટકા શોટ મુકી આધેડનું મોત નિપજાવ્યાની ફરીયાદ વંથલી પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે હરસુખભાઈ રોહીતભાઈ પરમારે ઉમેશભાઈ બાબુભાઈ વસોયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાની વાડીએ તેના ખેતરમા ભુંડ ન આવે તે સારૂ સેઢા ઉપર કાંટાળા તારની વાડ કરી તેની સાથે બીજા જીણા બે તારમા ઝટકા શોટ મુકી ઈલેક્ટ્રીક વીજ પાવરના થ્રી ફેઈઝના ફ્યુજમાંથી ડાયરેક્ટ સર્વીસ નાખી આ ઝટકા શોટના તારમા પાવર આપી આ બાબતની કોઈને જાણ નહી કરતા ફરીયાદીના પિતા રોહીતભાઈ હરીભાઈ પરમાર (ઉ.વ.૪૨) વાળા ભુંડ તગડવા ખેતરમા જતા આરોપીએ મુકેલ ઈલેક્ટ્રીક વીજ પાવરના તારમા અડી જતા ઈલેક્ટ્રીક શોટ લાગતા મૃત્યુ થતા આરોપીએ ડાયરેક્ટ ઈલેક્ટ્રીક વીજ પાવર આપવાથી કોઈના મૃત્યુનું કારણ બની શકે તેવુ જાણતા હોવા છતા ઈલેક્ટ્રીક વીજ પાવરના થ્રી ફેઈઝના ફ્યુજમાંથી ડાયરેક્ટ સર્વીસ નાખી ઝટકા શોટના તારમા પાવર આપ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં શિક્ષણ
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેશનથી ખૂબ નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ક્રિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

ઓપરેશન કરાવતા પહેલા

આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ

૨૦ વર્ષનાં અનુભવી

કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો

(પચીસ રોગોની કાયાકલ્પ દવા)

હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)

મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ

(મું. વડાલ વાળા)



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

Kelvinator

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...

વરૂણ દર્દ નિવારક તેલ

કષ્ટહર તેલમ્

- કમરનો દુઃખાવો
- સાંધાનો દુઃખાવો
- ગરદનનો દુઃખાવો
- માસ પેશીઓનાં દુઃખાવામાં અસરકારક

વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે

દિનેશ એજન્સીઝ

આઝાદ ચોક, જૂનાગઢ

સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭



ઉધઈ થી બચો

આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી

સંજયભાઈ

મો.૯૯૭૮૭ ૧૦૧૫૦



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



- હરક્યુલિસ સાયકલ
- કોરાડો સાયકલ
- હીરો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- બીએસએ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- વિકટર ૯૧ સાયકલ
- દાસ સાયકલ
- હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી

માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮